સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 22

MAY-JUNE 2024
26-05-24 To 01-06-24

:::: સંપાદક ::::
મૌલિક ગોંધિયા




# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

રાજકોટના TRP ગેમઝોનમાં લાગેલી આગની ઘટના અત્યંત દુઃખદ છે. આ ઘટનામાં પ્રભુ ચરણ પામેલા તમામ લોકોને ભાવભીની શ્રદ્ધાંજલિ, પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અતિ દુઃખદ ઘડી સહન કરવાની શક્તિ આપે તેવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના

# Timeline


**26 MAY-2024**

- વિશ્વની પ્રથમ 100% બાયોડિગ્રેડેબલ પેન ભારતમાં લોન્ચ થઈ ........ 02
- BIMSTEC ચાર્ટર ........ 02
- ઈલેક્ટ્રિક ટીલર (Electric Tiller) ........ 04
- QUESTION ANSWERS ........ 05

**27 MAY-2024**

- દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ ........ 06
- IPL 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ ચેમ્પિયન ........ 06
- કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતી અનસુયા સેનગુપ્તાએ ઈતિહાસ રચ્યો ........ 09
- QUESTION ANSWERS ........ 11

**28 MAY-2024**

- દિવસ મહિમા : 28 મે, વિશ્વ ભૂખ દિવસ, વિશ્વ ડુગોંગ દિવસ, વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ ........ 13
- ચક્રવાત રેમલ (Cyclone Remal) ........ 14
- વિરુપાક્ષ મંદિર (Virupaksha Temple) ........ 19
- આર્મી ચીફ મનોજ પાંડેનો કાર્યકાળ લંબાવાયો ........ 20
- QUESTION ANSWERS ........ 21

**29 MAY-2024**

- દિવસ મહિમા : 29 મે, આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ, વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ, આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ ........ 22
- પાપુઆ ન્યુ ગિનીમાં ભૂસ્ખલન ........ 23
- લિથુઆનિયાએ રાષ્ટ્રપતિ ગીતાનાસ નૌસેદાને બીજી ટર્મ માટે ફરીથી ચૂંટ્યા ........ 25
- QUESTION ANSWERS ........ 26

**30 MAY-2024**

- PRAVAAH Portal ........ 27
- UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ ........ 27
- RudraM-II એર-ટુ-સરફેસ મિસાઈલનું સફળ પરીક્ષણ ........ 28
- ખર્ચ ફુગાવો સૂચકાંક (Cost Inflation Index) ........ 29
- QUESTION ANSWERS ........ 30

**31 MAY-2024**

- દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day) ........ 31
- પુનઃસંયોજક પ્રોટીન (Recombinant Proteins) ........ 31
- ભારતના વિકાસ માટે એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)ની પ્રતિબદ્ધતા ........ 32
- સ્ટાફ સિલેક્શન કમિશન (SSC)ના અધ્યક્ષ તરીકે રાકેશ રંજનની નિમણૂક ........ 33
- QUESTION ANSWERS ........ 34

**01 JUN-2024**

- દિવસ મહિમા : 01 જૂન, વૈશ્વિક માતા-પિતા દિવસ, વિશ્વ દૂધ દિવસ (World Milk Day) ........ 35
- 2024માં વિશ્વની બેરોજગારીમાં થોડો ઘટાડો થશે ........ 35
- કાઝા સમિટ (KAZA Summit) ........ 36
- એમેઝોન રેઈનફોરેસ્ટ ........ 37
- વિશ્વના પ્રથમ 3-D પ્રિન્ટેડ રોકેટ 'અગ્નિબાણ'નું દેશના પ્રથમ ખાનગી લોન્ચપેડ પરથી સફળ લોન્ચિંગ ........ 39
- QUESTION ANSWERS ........ 40

**ONE LINER** ........ 42

**QUESTION OF THIS WEEK** ........ 46


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વની પ્રથમ 100% બાયોડિગ્રેડેબલ પેન ભારતમાં લોન્ચ થઈ

નવી દિલ્હીના સૌરભ એચ મહેતાએ વિશ્વની પ્રથમ સંપૂર્ણ બાયોડિગ્રેડેબલ પેન લોન્ચ કરી છે.



- આ પેનનું નામ ‘NOTE પેન’ છે.
- આ પેનમાં રિસાયકલ કરેલ પેપર, બિન–ઝેરી શાહી અને મેટલ, કાગળ વાંસના બાહ્ય ભાગ માટેના વિકલ્પો છે, જેનો હેતુ પ્લાસ્ટિકનો કચરો ઘટાડવાનો છે.
- ટકાઉપણુ અને નવીનતાની પૃષ્ઠભૂમિ સાથે સૌરભ એચ મહેતાએ સાત વર્ષ પહેલા પ્લાસ્ટિક વિના પેન બનાવવાનું મિશન શરૂ કર્યુ હતું.
- વાર્ષિક 50 બિલિયનથી વધુ બોલપોઈન્ટ પેન કાઢી નાખવામાં આવે છે, જેમાં 95% પ્લાસ્ટિકની બનેલી હોય છે.
- તેનો સામનો કરવા માટે સૌરભ એચ મહેતાએ ટકાઉ વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને પેનમાં પ્લાસ્ટિકનો કચરો ઘટાડવા માટે એક પર્યાવરણ–મૈત્રીપૂર્ણ સ્ટેશનરી કંપનીની સ્થાપના કરી હતી.

## BIMSTEC ચાર્ટર

તાજેતરમાં બહુ–ક્ષેત્રિય ટેક્નિકલ અને ઈકોનોમિક કોઓપરેશન માટે **BIMSTEC**એ જૂથના ચાર્ટરના અમલમાં આવવા સાથે એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હ પ્રાપ્ત કર્યુ છે.

### BIMSTEC ચાર્ટરની મુખ્ય વિશેષતાઓ

**BIMSTEC** ચાર્ટરની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ દર્શાવી છે :

(1) આંતરરાષ્ટ્રીય માન્યતા : **BIMSTEC** પાસે કાનૂની એન્ટિટી તરીકે સત્તાવાર દરજ્જો છે, જેના પરિણામે તેને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે મુત્સદીગીરી અને સહકારોની બાબતો પર સીધી વાટાઘાટો કરવાનો અધિકાર છે.

(2) સામાન્ય ઉદ્દેશ્યો : આ ચાર્ટર **BIMSTEC**ના ઉદ્દેશ્યોની રૂપરેખા આપે છે, જે સભ્ય દેશો વચ્ચે વિશ્વાસ અને મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા અને બંગાળની ખાડી ક્ષેત્રમાં આર્થિક વિકાસ અને સામાજિક પ્રગતિને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(3) સંરચિત સંગઠન : **BIMSTEC**ના શાસન માટે સ્પષ્ટ માળખું સ્થાપિત કરવામાં આવ્યું છે, જેમાં સમિટ, મંત્રીસ્તરીય અને વરિષ્ઠ અધિકારીઓના સ્તરે નિયમિત બેઠકોની રૂપરેખા આપવામાં આવી છે.

(4) સભ્યપદનું વિસ્તરણ : આ ચાર્ટર નવા દેશોને **BIMSTEC**માં જોડાવા અને અન્ય દેશોને નિરીક્ષક તરીકે ભાગ લેવાની મંજૂરી આપીને ભવિષ્ય–લક્ષી માર્ગ મોકળો કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BIMSTEC

બિમસ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમસ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેકનિકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણાપત્ર' અંતર્ગત બિમસ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- તેના સાત સભ્ય દેશોમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ 'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation' છે.

## BIMSTECના સ્તંભો

વર્ષ 2022માં યોજાયેલી વર્ચ્યુઅલ BIMSTEC કોલંબો સમિટમાં સંગઠનનું ઔપચારિક માળખું વિકસાવવા માટે સભ્ય દેશોના નેતાઓએ જૂથની કામગીરીને સાત વિભાગોમાં વિભાજિત કરવા સંમત થયા હતા, જેમાં ભારત સુરક્ષા સ્તંભનું નેતૃત્વ કરે છે.

| | | |
|---|---|---|
| 1 | બાંગ્લાદેશ | વેપાર, રોકાણ અને વિકાસ |
| 2 | શ્રીલંકા | વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા |
| 3 | થાઈલેન્ડ | કનેક્ટિવિટી |
| 4 | ભૂટાન | પર્યાવરણ અને આબોહવા પરિવર્તન |
| 5 | મ્યાનમાર | કૃષિ અને ખાદ્ય સુરક્ષા<br>પેટા ક્ષેત્રો : કૃષિ, માછીમારી, પશુપાલન |
| 6 | ભારત | સુરક્ષા<br>પેટા ક્ષેત્રો : કાઉન્ટર ટેરરિઝમ એન્ડ ઈન્ટરનેશનલ ક્રાઈમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઊર્જા |
| 7 | નેપાળ | લોકો–થી–લોકો સંપર્ક (સંસ્કૃતિ, પ્રવાસન, થિંક ટેન્ક, મીડિયા ફોરમ વગેરે..) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈલેક્ટ્રિક ટીલર (Electric Tiller)

CSIR-સેન્ટ્રલ મિકેનિકલ એન્જિનિયરિંગ રિસર્ચ દ્વારા નાના ખેડૂતો માટે 'ઈલેક્ટ્રિક ટીલર' લોન્ચ કરવામાં આવ્યું છે.




- ઈલેક્ટ્રિક ટિલર નાના સીમાંત ખેડૂતો (2 હેક્ટરથી ઓછી જમીન ધરાવતા)ની જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ છે, જેઓ ભારતના 80% કરતા વધુ ખેડૂત સમુદાયનો હિસ્સો ધરાવે છે.
- ટિલરએ ટોર્ક અને ક્ષેત્રની કાર્મક્ષમતામાં વધારો કર્યો છે, જે તેને શક્તિશાળી અને કાર્યક્ષમ ખેતી સાધનો બનાવે છે.
- તે વપરાશકર્તાઓના આરામ અને પર્યાવરણીય ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં હેન્ડ–આર્મ વાઈબ્રેશન, સ્થિર કામગીરી અને ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.
- ઈલેક્ટ્રિક ટીલર સંભવિતપણે ઓપરેટિંગ ખર્ચમાં 85% જેટલો ઘટાડો કરી શકે છે, જે ખેડૂતોને નોંધપાત્ર નાણાકીય લાભ આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) CSIRની સ્થાપના સપ્ટેમ્બર, 1942માં કરવામાં આવી હતી.

(2) તે વૈજ્ઞાનિક, ઔદ્યોગિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં સંશોધન અને વિકાસ સંસ્થા છે.

(3) તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં વિશ્વની પ્રથમ 100% બાયોડિગ્રેડેબલ પેન કયા દેશમાં લોન્ચ કરવામાં આવી છે ?

(A) ભારત (B) નેપાળ (C) મ્યાનમાર (D) ભૂટાન **(A)**

---

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'BIMSTEC' વિશે નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તે બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.
2. તેનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેક્નિકલ અને આર્થિક સહયોગનો છે.
3. તેનું વડું મથક નેપાળના કાઠમંડુ ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

---

3. BIMSTECનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) નવી દિલ્હી (B) કોલંબો (C) જકાર્તા (D) ઢાકા **(D)**

---

4. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ઈલેક્ટ્રિક ટીલર' લોન્ચ કર્યુ છે ?

(A) CSIR-સેન્ટ્રલ મિકેનિકલ એન્જિનિયરિંગ રિસર્ચ

(B) સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)

(C) ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)

(D) ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ

## IPL 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ ચેમ્પિયન

22 માર્ચથી 26 મે, 2024 દરમિયાન IPLની 17મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં 10 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં IPLની ફાઈનલ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવીને કોલકાતા નાઈટ રાઈડર્સ ચેમ્પિયન બન્યું છે.
- આ સાથે કોલકાતા નાઈટ રાઈડર્સ IPLમાં ત્રીજી વખત ચેમ્પિયન બન્યું છે.

### IPL 2024ની ફાઈનલ મેચ


IPL 2024ની ફાઈનલ મેચ 26 મેના રોજ ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.




- IPL 2024ની ફાઈનલ મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે યોજાઈ હતી.
- આ ફાઈનલ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે પ્રથમ દાવમાં 113 રન ફટકાર્યા હતા.
- જે કોલકાત્તા નાઈટ રાઈડર્સે 10.3 ઓવરમાં 114 રન બનાવીને IPL 2024ની ટ્રોફી જીતી લીધી હતી.
- ફાઈનલ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ મિચેલ સ્ટાર્ક બન્યા હતા.

### IPL 2024માં મેન ઓફ ધ સિરીઝ

IPL 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડી શ્રી સુનીલ નારાયણ 'મેન ઓફ ધ સિરીઝ' અથવા 'પ્લેયર ઓફ ધ સિરીઝ' બન્યા હતા.



- શ્રી સુનીલ નારાયણે આ IPLની સિઝનમાં 488 રન અને 17 વિકેટ ઝડપી હતી.

## IPL 2024 ના ખૂબ જ મહત્ત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | IPL 2024 વિજેતા ટીમ | કોલકાતા નાઈટ રાઈડર્સ | – |
| 2 | રનર્સ ઓફ IPL 2024 | સનરાઈઝર્સ હૈદરાબાદ | – |
| 3 | મેન ઓફ ધ સીરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | શ્રી સુનીલ નારાયણ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| 4 | ઓરેન્જ કેપ (સૌથી વધુ રન માટે) | શ્રી વિરાટ કોહલી | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 5 | પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ માટે) | શ્રી હર્ષલ પટેલ | પંજાબ કિંગ્સ |
| 6 | મેન ઓફ ધ મેચ (ફાઈનલ મેચમાં) | શ્રી મિચેલ સ્ટાર્ક | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| 7 | ફેર પ્લે એવોર્ડ | સનરાઈઝર્સ હૈદરાબાદ | – |
| 8 | બેસ્ટ કેચ ઓફ ધ સિઝન | શ્રી રમનદીપ સિંહ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| 9 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | શ્રી નીતિશ કુમાર રેડ્ડી | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| 10 | સૌથી વધુ છગ્ગા | શ્રી અભિષેક શર્મા (42) | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| 11 | સૌથી વધુ ચોગ્ગા | શ્રી ટ્રેવિસ હેડ | સનરાઈઝર્સ હૈદરાબાદ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## IPL 2024 વિશેના કેટલાક મહત્ત્વના તથ્યો

- IPL 2024 વિજેતા ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમના કેપ્ટન શ્રી શ્રેયસ ઐયર હતા.
- જ્યારે રનર્સ અપ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન શ્રી પેટ કમિન્સ હતા.
- ગુજરાત ટાઈટન્સ ટીમના કેપ્ટન શ્રી શુભમન ગિલ અને કોચ શ્રી આશિષ નેહરા છે.
- વર્ષ 2024માં IPL ટુર્નામેન્ટની આ 17મી સિઝન હતી.
- IPL 2024ને સ્પોન્સરશિપના કારણોસર TATA IPL 2024 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- IPL 2024 ચેમ્પિયન ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને 20 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું.
- જ્યારે રનર્સ અપ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદને 12.5 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું.
- IPL 2024માં સૌથી મોંઘો ખેલાડી શ્રી મિચેલ સ્ટાર્ક હતો, કોલકાતા નાઈટ રાઈડર્સે તેમને 24.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.
- IPLની ફાઈનલમાં સનરાઈઝર્સ હૈદરાબાદે સૌથી ઓછો સ્કોર કર્યો હતો.
- IPL 2024માં શ્રી વિરાટ કોહલીએ 741 રન ફટકાર્યા હતા. તથા શ્રી હર્ષલ પટેલે 24 વિકેટ ઝડપી હતી.

### સૌથી વધુ IPL વિજેતા ટીમ

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 5 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 5 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 3 |

## IPL

- IPL નું પૂરું નામ 'ઈન્ડિયન પ્રીમિયર લીગ' છે. IPL એ ભારતની પ્રોફેશનલ T-20 લીગ છે.
- BCCI દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં શ્રી લલિત મોદીની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.
- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ 2008માં યોજાઈ હતી. વર્ષ 2008થી દર વર્ષ એપ્રિલ–મે દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.

- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ રાજસ્થાન રોયલ્સ છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ પાંચ–પાંચ વખત આ ટુર્નામેન્ટ વિજેતા મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ છે.
- IPLનું સંચાલન **BCCI** દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.

### IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપર જાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| તેરમી | 2020 | મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી કેપિટલ્સ |
| ચૌદમી | 2021 | ચેન્નાઈ સુપર કિંગ્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| પંદરમી | 2022 | ગુજરાત ટાઈટન્સ | રાજસ્થાન રોયલ્સ |
| સોળમી | 2023 | ચેન્નાઈ સુપર કિંગ્સ | ગુજરાત ટાઈટન્સ |
| સત્તરમી | 2024 | કોલકાતા નાઈટ રાઈડર્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) IPLના ઈતિહાસમાં સૌથી વધુ રન શ્રી વિરાટ કોહલીએ 8,004 રન ફટકાર્યા છે (2024ની સિઝનની સ્થિતિએ)

(2) IPLના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ શ્રી યુઝવેન્દ્ર ચહલએ 205 વિકેટ ઝડપી છે (2024ની સિઝનની સ્થિતિએ)

## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતી અનસુયા સેનગુપ્તાએ ઈતિહાસ રચ્યો

77માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સુશ્રી અનસુયા સેનગુપ્તાએ ઈતિહાસ રચ્યો છે.

- તેમને તેની ફિલ્મ 'ધ શેમલેસ' માટે અન સર્ટન રિગાર્ડ કેટેગરીમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો છે.



- આ સાથે તેઓ આ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય અભિનેત્રી બની ગયા છે.
- 77મો વાર્ષિક કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 14 થી 25 મે, 2024 દરમિયાન ફ્રાન્સના કેન્સ ખાતે યોજાયો હતો.

**નોંધ :** (1) કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2003 સુધી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ તરીકે ઓળખાતો હતો, તે ફ્રાન્સના કેન્સમાં આયોજિત વાર્ષિક ફિલ્મ ફેસ્ટિવલ છે.

(2) આ ફિલ્મ ફેસ્ટિવલ સૌપ્રથમ 1946માં યોજવામાં આવ્યો હતો.

ICE FOR COMPETITIVE EXAMS




# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. શ્રી જવાહરલાલ નહેરુની પુણ્યતિથી કયા દિવસે ઉજવાય છે ?

(A) 25 મે (B) 26 મે (C) 27 મે (D) 28 મે **(C)**

2. વર્ષ 2024 દરમિયાન IPLની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?

(A) 14મી (B) 15મી (C) 16મી (D) 17મી **(D)**

3. IPL 2024માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

(A) 12 (B) 10 (C) 7 (D) 8 **(B)**

4. IPL 2024 વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) ચેન્નાઈ સુપર કિંગ્સ (B) કોલકાતા નાઈટ રાઈડર્સ

(C) સનરાઈઝર્સ હૈદરાબાદ (D) મુંબઈ ઈન્ડિયન્સ **(B)**

5. IPL 2024ની ફાઈનલ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) સનરાઈઝર્સ હૈદરાબાદ (B) ગુજરાત ટાઈટન્સ

(C) રાજસ્થાન રોયલ્સ (D) મુંબઈ ઈન્ડિયન્સ **(A)**

6. IPL 2024માં મેન ઓફ ધ સિરીઝ (અથવા પ્લેયર ઓફ ધ સિરીઝ) અથવા તો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી મિચેલ સ્ટાર્ક (B) શ્રી સુનીલ નારાયણ

(C) શ્રી વિરાટ કોહલી (D) શ્રી હર્ષલ પટેલ **(B)**

7. IPL 2024માં 'ઓરેન્જ કેપ' (સૌથી વધુ રન માટે)નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી શુભમન ગિલ (C) શ્રી અભિષેક શર્મા (D) શ્રી શ્રેયસ ઐયર **(A)**

8. IPL 2024માં 'પર્પલ કેપ' (સૌથી વધુ વિકેટ માટે)નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) શ્રી રાશિદ ખાન (B) શ્રી જસપ્રિત બુમરાહ

(C) શ્રી યુઝવેન્દ્ર ચહલ (D) શ્રી હર્ષલ પટેલ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. IPLનું પૂરું નામ શું છે ?

(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ (B) ઈન્ડિયન પ્રો લીગ

(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ (D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ **(C)**

10. BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે થયું હતું ?

(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008 **(D)**

11. તાજેતરમાં નીચેના પૈકી કઈ અભિનેત્રીએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો ?

(A) સુશ્રી અનસુયા સેનગુપ્તા (B) સુશ્રી કીર્તિ સુરેશ

(C) સુશ્રી શ્રિયા સરન (D) સુશ્રી શ્રીનિધિ શેટ્ટી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 28 મે, (1) વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day)
## (2) વિશ્વ ડુગોંગ દિવસ (World Dugong Day)
## (3) વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ

### વિશ્વ ભૂખ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 28 મે ના રોજ 'વિશ્વ ભૂખ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- વિશ્વ ભૂખ દિવસ એ 'The Hunger Project' નામના એક વૈશ્વિક સંગઠન દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- 'ધ હંગર પ્રોજેક્ટ' એ વૈશ્વિક સ્તરે ભૂખ માટે તર્ક સંગત ઉપાયો શોધવા માટે પ્રતિબદ્ધ વૈશ્વિક સંગઠન છે. આ સંગઠનની સ્થાપના વર્ષ 1977માં થઈ હતી.

### વિશ્વ ડુગોંગ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 28 મે ના રોજ 'વિશ્વ ડુગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ડુગોંગ એ વિશ્વનું એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી છે.
- તેને 'સમુદ્રી ગાય' (Sea Cow) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ જીવ અત્યારે લુપ્ત થવાની કગાર પર છે.
- આથી, તેના સંરક્ષણ અંગે જાગૃત્તિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ

વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ (World Menstrual Hygiene Day) દર વર્ષે 28 મે ના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ સમગ્ર વિશ્વમાં સામાજિક કલંકને દૂર કરવા અને માસિક સ્ત્રાવની સ્વચ્છતા જાળવવા અંગે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.
- માસિક સ્વચ્છતા દિવસ એ એક વૈશ્વિક અભિયાન છે જે વિશ્વભરની મહિલાઓ અને દિકરીઓ માટે માસિક સ્ત્રાવના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને વધુ સારી રીતે પ્રોત્સાહન આપવા માટે બિન–લાભાકારી સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, ખાનગી ક્ષેત્ર અને મીડિયાને સાથે લાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- માસિક સ્વચ્છતા દિવસ અભિયાન જર્મન બિન–લાભાકારી સંસ્થા 'વોશ યુનાઈટેડ' દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2024ના 'વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ'ની થીમ 'Together for a #PeriodFriendlyWorld' છે.

## ચક્રવાત રેમલ (Cyclone Remal)

તાજેતરમાં બંગાળની ખાડીમાં ચક્રવાત રેમલ (Cyclone Remal) ઉદ્ભવ્યું હતું.

- ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર ચક્રવાત રેમલ બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકિનારે ત્રાટક્યું હતું.
- આ ચક્રવાતને કારણે ભારતમાં પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં ભારે વિનાશ સર્જાયો હતો.
- ચક્રવાત રેમલ એ બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ઉષ્ણકટિબંધિય ચક્રવાત છે.

### રેમલ ચક્રવાતનું નામકરણ

રેમલ ચક્રવાતનું નામ ઓમાન દ્વારા આપવામાં આવ્યું છે.

- ચક્રવાત રેમલનો અર્થ અરબીમાં 'રેતી' થાય છે.
- હવે પછી જે ચક્રવાત ઉદ્ભવશે તેનું નામ 'અસના' હશે, જે નામ પાકિસ્તાન દ્વારા આપવામાં આવશે.

### વર્ગીકરણ

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

45$^0$ પૂ. થી 100$^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, યમન અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત રેમલનું નામ ઓમાન દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાત (Cyclones)

ચક્રવાત એ નીચા દબાણવાળા વિસ્તારની આસપાસ હવાનું ઝડપી પરિભ્રમણ છે.

- હવા ઉત્તર ગોળાર્ધમાં ઘડિયાળની વિરુદ્ધ દિશામાં અને દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળની દિશામાં ફરે છે.
- ચક્રવાત એ વાતાવરણની એક પ્રકારની ખલેલ છે. જે સામાન્ય રીતે હિંસક તોફાનો અને ખરાબ હવામાન સાથે હોય છે. ચક્રવાતનો આકાર ગોળ, લંબગોળ કે 'V' આકારનો હોય છે.
- સાયક્લોન શબ્દ ગ્રીક શબ્દ સાયક્લોસ પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે સાપની કોઈલ.
- તે હેનરી પેડિંગ્ટન દ્વારા બનાવવામાં આવ્યું હતું. કારણ કે બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં ઉષ્ણકટિબંધિય ચક્રવાતો સમુદ્રના વીંટળાયેલા સાપ જેવા દેખાય છે.

## વર્ગીકરણ

સ્થળના આધારે ચક્રવાતનું વર્ગીકરણ બે પ્રકારે કરી શકાય છે :

ચક્રવાત

- ઉષ્ણકટિબંધિય ચક્રવાત (Tropical Cyclone)
- સમશીતોષ્ણ કટિબંધ ચક્રવાત (Extra - Tropical Cyclone, Temperate Cyclone)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- વિશ્વ હવામાન સંસ્થા હવામાન પ્રણાલીને આવરી લેવા માટે 'ટ્રોપિકલ સાયક્લોન' શબ્દનો ઉપયોગ કરે છે જેમાં પવન 'ગેલ ફોર્સ' (લઘુત્તમ 63 કિમી પ્રતિ કલાક) કરતા વધી જાય છે.
- ચક્રવાત સાથે સામાન્ય રીતે વરસાદ કે હિમવર્ષા થતી હોય છે.
- ચક્રવાતો કરતા વિરુદ્ધ પ્રતિચક્રવાતો (Anticyclones)માં પવનો કેન્દ્રમાં રહેલા ભારે દબાણને ફરતે ભ્રમણ કરતા હોય છે.
- પ્રતિ ચક્રવાતમાં પવનોનું ભ્રમણ ચક્રવાત કરતા વિરુદ્ધ હોવાથી તેને પ્રતિચક્રવાત કહે છે. અહીં પવનો બહારની તરફ જતા હોય તેવી રીતે ભ્રમણ કરે છે.
- તેમની દિશા ઉત્તર ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની દિશામાં જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં હોય છે. પ્રતિ ચક્રવાતોના પવનો ચક્રવાત જેટલા મજબૂત હોતા નથી અને તેઓ વૃષ્ટિ પણ આપતા નથી.

## સમશીતોષ્ણ કટિબંધિય ચક્રવાત
## (Extra-Tropical Cyclones)

સમશીતોષ્ણ કટિબંધિય ચક્રવાતને એક્સ્ટ્રા–ટ્રોપિકલ ચક્રવાત, મધ્ય–અક્ષાંશ ડિપ્રેશન, ફ્રન્ટ ડિપ્રેશન અને વેવ ચક્રવાત તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ ચક્રવાતો $35^0$ થી $65^0$ અક્ષાંશો (મધ્ય અક્ષાંશો)ના વિસ્તારોમાં બન્ને ગોળાર્ધો પર ઉદ્દભવે છે.
- તેના પવનો પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે અને શિયાળામાં તે વધુ જોવા મળે છે.
- તેનું નિર્માણ બે અલગ ગુણધર્મો ધરાવતા વાયુ સમુચ્ચયના ભેગા થવાથી (અથડાવવાથી) થાય છે.
- આ પૈકી એક વાયુ સમુચ્ચય ગરમ, ભેજવાળી તથા હલકી ઉષ્ણકટિબંધિય હવા ધરાવે છે જ્યારે અન્ય વાયુ સમુચ્ચય ઠંડી, ઘટ્ટ અને ધ્રુવીય હવા ધરાવે છે.
- આ બન્ને વાયુ સમુચ્ચયના કારણે તેમના સંપર્ક ક્ષેત્રમાં ધ્રુવીય વાતાગ્ર (Polar Front) બને છે, જે આ પ્રકારના ચક્રવાતના નિર્માણ માટે જવાબદાર છે.
- ઠંડી હવા ગરમ હવાને ઉપર તરફ ધકેલે છે પરિણામે દબાણ ઓછું થાય છે અને આસપાસની હવા આ ઓછા દબાણના વિસ્તારમાં ખેંચાય છે.
- પૃથ્વીના પરિભ્રમણને કારણે લઘુદબાણ કેન્દ્ર તરફ જતી હવા ભ્રમણ કરે છે, પરિણામે ચક્રવાત ઉદ્દભવે છે.
- નિર્માણ પામ્યા બાદ સમશીતોષ્ણ કટિબંધના ચક્રવાતો પશ્ચિમીયા પવનોની અસર હેઠળ પૂર્વ દિશા તરફ ગતિ કરે છે અને મધ્ય અક્ષાંશોના વિસ્તારોના વાતાવરણની પરિસ્થિતિને અસર કરે છે.
- સમશીતોષ્ણ કટિબંધ ચક્રવાતોના ઉદ્દભવ માટેના મુખ્ય વિસ્તારો નીચે મુજબ છે :

(1) યુ.એસ. તથા કેનેડા (કોલોરાડો, કેનેડામાં પૂર્વીય રોકીઝ, ગ્રેટલેક વિસ્તાર)

(2) મેક્સિકોની ખાડી

(3) આઈસલેન્ડથી બેરેન્ટ્સ સમુદ્ર સુધીનો પટ્ટો કે જે રશિયા અને સાયબેરિયા સુધી વિસ્તૃત થાય છે.

(4) બાલ્ટિક સમુદ્ર

(5) ભૂમધ્ય સમુદ્રનો વિસ્તાર કે જે રશિયા તથા ભારત સુધી શિયાળા દરમિયાન વિસ્તૃત થાય છે (જેને ભારતમાં પશ્ચિમી ખલેલો–Western Disturbance તરીકે ઓળખવામાં આવે છે.)

(6) એન્ટાર્કટિક વાતાગ્ર વિસ્તાર

# ઉષ્ણકટિબંધિય ચક્રવાત (Tropical Cyclones)

કર્કવૃત્તથી મકરવૃત્તના વિસ્તારો વચ્ચે ઉદ્‌ભવતા ચક્રવાતોને ‘ઉષ્ણકટિબંધિય ચક્રવાત’ કહે છે.

- આ ચક્રવાતો સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાતોની જેમ એકરૂપ તથા નિયમિત હોતા નથી. આ ચક્રવાતના વિવિધ નામો નીચે મુજબ છે :

| ક્રમ | નામ | વિસ્તાર |
|---|---|---|
| 1 | ચક્રવાત / સાયક્લોન | હિન્દ મહાસાગર |
| 2 | હરિકેન | એટલાન્ટિક સમુદ્ર |
| 3 | ટાઈફૂન | પશ્ચિમ પેસિફિક તથા દક્ષિણ ચીની સમુદ્ર |
| 4 | વિલી–વિલીઝ | પશ્ચિમી ઓસ્ટ્રેલિયા |

- ઉષ્ણકટિબંધિય ચક્રવાત એ વિશ્વની સૌથી વિનાશક કુદરતી આફતોમાંની એક છે.
- ઉષ્ણકટિબંધિય ચક્રવાતનું નિર્માણ ઉષ્મીય પરિબળોને કારણે થાય છે અને ઉષ્ણકટિબંધના સમુદ્રોમાં નિશ્ચિત ઋતુ દરમિયાન નિર્માણ પામે છે.
- ઉષ્ણકટિબંધિય ચક્રવાતની રચના અને તીવ્રતા માટેની અનુકૂળ પરિસ્થિતિઓ નીચે મુજબ દર્શાવી છે :

1. $27^0$ સે કરતા વધુ તાપમાન સાથે વિશાળ સમુદ્ર સપાટી
2. કોરિઓલિસ બળની હાજરી
3. પવનની ઊભી ગતિમા નાના ફેરફારો
4. નબળો નીચા દબાણનો વિસ્તાર અથવા નીચા સ્તરના ચક્રવાત પરિભ્રમણ જે અગાઉ અસ્તિત્વમાં છે.
5. દરિયાઈ સપાટીની સિસ્ટમથી ઉપરના વિચલનની સિસ્ટમ.
6. ક્ષોભઆવરણમાં ઉપરના તથા નીચેના સ્તરમાં વાયુઓનો વેગનો તફાવત ન્યુનત્તમ રહેવો જરૂરી છે.

એકરૂપ પવનોના વિસ્તારોમાં ઉષ્ણકટિબંધિય ચક્રવાતો ઉદ્‌ભવે છે.

**નોંધ :** (1) જે જગ્યાએ ઉષ્ણકટિબંધિય ચક્રવાત દરિયાકાંઠાને પાર કરે છે તેને ચક્રવાતનો લેન્ડફોલ કહેવામાં આવે છે.

(2) આંખ એ ઉષ્ણકટિબંધિય ચક્રવાતોનું મહત્ત્વનું લક્ષણ છે. ચક્રવાતનો આ કેન્દ્રીય ભાગ છે જ્યાં સ્પષ્ટ આકાશ તથા ઉષ્ણ તાપમાન જોવા મળે છે. અહીં હલકું દબાણ હોય છે.

(3) ચક્રવાતનો સૌથી ભયાનક તથા વિનાશક વિસ્તાર તેની આંખ–દિવાલનો ભાગ છે. અહીં પવન સૌથી મજબૂત હોય છે, વરસાદ તીવ્ર હોય છે અને ગહન–ગાઢ વાદળો જોવા મળે છે.

## ઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાતો વચ્ચેનો તફાવત

| ઉષ્ણકટિબંધીય ચક્રવાત (Tropical Cyclone) | સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાત (Temperate Cyclone) |
|---|---|
| ⇛ તે સમુદ્રમાં ઉદ્‌ભવે છે. | ⇛ તે સમુદ્ર તથા જમીન એમ બન્ને પર ઉદ્‌ભવી શકે છે. |
| ⇛ પવનની ઝડપ વધુ હોવાથી તે વિનાશક બને છે. | ⇛ પવનની ઝડપ ઓછી હોય છે. |
| ⇛ તે નાના–વિસ્તાર પર બને છે. | ⇛ તે વિસ્તૃત વિસ્તાર પર બને છે. |
| ⇛ તેમાં વાતાગ્રની પ્રણાલી જોવા મળતી નથી. | ⇛ તેમાં એક સ્પષ્ટ વાતાગ્ર પ્રણાલી તથા 2 ભિન્ન વાતાગ્ર (શીત તથા ઉષ્ણ) જોવા મળે છે. |
| ⇛ તે સામાન્ય રીતે $8^0$ થી $20^0$ અક્ષાંશના વિસ્તારમાં રચાય છે. | ⇛ તે સામાન્ય રીતે $30^0$ થી $40^0$ અક્ષાંશના વિસ્તારમાં રચાય છે. |
| ⇛ તે ઉષ્મીય પરિબળના કારણે ઉદ્‌ભવે છે. | ⇛ તે ગતિકીય પરિબળના કારણે ઉદ્‌ભવે છે. |
| ⇛ તે સમુદ્રમાં તાપમાન વધતાં તથા લઘુદબાણ વિકસતા બને છે. | ⇛ તે વાતાગ્રની પ્રતિક્રિયાના કારણે બને છે. |
| ⇛ તે સામાન્ય રીતે પૂર્વથી પશ્ચિમ તરફ ગતિ કરે છે. (ઉત્તર ગોળાર્ધમાં) | ⇛ તે પશ્ચિમથી પૂર્વ તરફ ગતિ કરે છે. |
| ⇛ તેનું હલનચલન ઝડપી હોય છે આથી તેના માર્ગની આગાહી કઠિન છે. | ⇛ તેની આગાહી થઈ શકે છે કારણ કે તેની ગતિ ક્રમાનુસાર હોય છે. |
| ⇛ પવનની ઝડપ 120 kmph થી વધુ હોય છે. | ⇛ પવનની ઝડપ 40-50 kmph જેટલી હોય છે. |
| ⇛ દબાણ 880 mb કે તેથી ઓછું હોય શકે છે. | ⇛ દબાણ 980 mb ની આસપાસ હોય છે. |
| ⇛ જમીન પર પહોંચતા તે નબળું પડે છે. | ⇛ તે જમીન પર પણ મજબૂત હોય છે. |
| ⇛ તે માત્ર કિનારાના વિસ્તારોને જ અસર કરે છે. | ⇛ તે આંતરિક જમીન ભાગને પણ અસર કરી શકે છે. |
| ⇛ તે જમીન પર આવ્યા બાદ ઝડપથી નાશ પામે છે. | ⇛ તેને નાશ પામતાં સમય લાગે છે. |
| ⇛ તે સામાન્ય રીતે ઉનાળા (ઉનાળાના અંત સમયે)માં ઉદ્‌ભવે છે. | ⇛ તે શિયાળામાં ઉદ્‌ભવે છે. |
| ⇛ તેમાં 'આંખ'ની પ્રણાલી હોય છે. | ⇛ આવી કોઈ પ્રણાલી હોતી નથી. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિરુપાક્ષ મંદિર (Virupaksha Temple)

કર્ણાટકમાં વિરુપક્ષ અથવા વિરુપાક્ષ મંદિરનો એક ભાગ તાજેતરમાં મુશળધાર વરસાદને પગલે ધરાશાયી થયો હતો.

- ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) ટૂંક સમયમાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ હમ્પીમાં વિરુપક્ષ મંદિરના ભાંગી પડેલા મંડપનો જીર્ણોદ્ધાર કરશે.



### વિરુપાક્ષ મંદિર, હમ્પી વિશે

વિરુપાક્ષ મંદિર ભગવાન શિવના સ્વરૂપ ભગવાન વિરુપક્ષને સમર્પિત હિંદુ મંદિર છે.

- આ મંદિર કર્ણાટક રાજ્યના વિજયનગર જિલ્લામાં હમ્પીમાં આવેલું છે.

- તે હમ્પી ખાતેના સ્મારકોના સમૂહનો એક ભાગ છે, જેને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.
- તે તુંગભદ્રા નદીના દક્ષિણ કિનારે આવેલું છે.
- વિરુપક્ષ મંદિર વિજયનગર સ્થાપત્ય શૈલીમાં બનાવવામાં આવ્યું હતું, જે શાસક દેવ રાય IIના નાયક લંકન દંડેશા દ્વારા બનાવવામાં આવ્યું હતું.

## આર્મી ચીફ મનોજ પાંડેનો કાર્યકાળ લંબાવાયો



વડાપ્રધાનશ્રીની આગેવાની હેઠળની કેબિનેટની નિમણૂક સમિતિએ વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડેની સેવામાં 1 મહિનાના વિસ્તરણને મંજૂરી આપી હતી.

- જનરલ મનોજ પાંડે 31મી મેના રોજ નિવૃત થવાના હતા.
- પરંતુ હવે તેમનો કાર્યકાળ એક મહિનો વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયના નિર્ણય બાદ હવે આર્મી ચીફ 30 જૂન સુધી પોતાના પદ પર કાર્યરત રહેશે.
- કેબિનેટની નિમણૂક સમિતિએ આર્મી રૂલ્સ, 1954ના નિયમ 16A(4) હેઠળ વર્તમાન ચીફ ઓફ આર્મી સ્ટાફ (CoAS)ની સેવા તેમના સામાન્ય કાર્યકાળ કરતા એક મહિના સુધી વધારવાની મંજૂરી આપી હતી.
- નોંધનીય છે કે પાંચ દાયકામાં આવા માત્ર બે જ સર્વિસ એક્સ્ટેન્શન આપવામાં આવ્યા છે. સૌપ્રથમ જનરલ જીજી બેવૂરનું હતું, જેમણે ફિલ્ડ માર્શલ SHFJ માણેકશાની નિવૃત્તિ પછી 1973માં આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ધ હંગર પ્રોજેક્ટ દ્વારા 'વિશ્વ ભૂખ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (C)

2. 'વિશ્વ ડુગોંગ દિવસ' અથવા તો 'વિશ્વ સમુદ્રી ગાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (C)

3. 'વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 મે (B) 29 મે (C) 30 મે (D) 31 મે (A)

4. તાજેતરમાં 'ચક્રવાત રેમલ' (Cyclone Remal) બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકિનારે ત્રાટક્યું હતું. આ ચક્રવાતનું નામ કોણે આપ્યું છે ?

(A) યમન (B) બાંગ્લાદેશ (C) ઓમાન (D) પાકિસ્તાન (C)

5. ઉષ્ણકટિબંધિય ચક્રવાતની રચના અને તીવ્રતા માટેની અનુકૂળ પરિસ્થિતિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

1. $27^0$ સે કરતા વધુ તાપમાન સાથે વિશાળ સમુદ્ર સપાટી
2. કોરિઓલિસ બળની હાજરી
3. દરિયાઈ સપાટીની સિસ્ટમથી ઉપરના વિચલનની સિસ્ટમ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) ઉપરોક્ત તમામ (D)

6. તાજેતરમાં સમાચારમાં રહેલ હમ્પી ખાતેનું 'વિરુપાક્ષ મંદિર' _____ ભગવાનને સમર્પિત છે.

(A) ભગવાન ગણેશજી (B) ભગવાન બ્રહ્મા (C) ભગવાન શિવ (D) ભગવાન વિષ્ણુ (C)

7. તાજેતરમાં ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ મનોજ પાંડેનો કાર્યકાળ કેટલા મહિના માટે લંબાવવામાં આવ્યો છે ? (મે, 2024ની સ્થિતિથી)

(A) 1 મહિના માટે (B) 4 મહિના માટે (C) 7 મહિના માટે (D) 10 મહિના માટે (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 મે, (1) આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ (International Day of United Nations Peacekeepers)
## (2) વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ (World Digestive Health Day)
## (3) આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ (International Everest Day)

## આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 29 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે શહીદ થયેલા સૈનિકોની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ શાંતિ મિશનની રચના 29 મે, 1948ના રોજ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની ઉજવણી માટે 29 મે ની પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ 'Fit for the future, building better together' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

## આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ



નેપાળ દ્વારા દર વર્ષે 29 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' અથવા 'માઉન્ટ એવરેસ્ટ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- નોંધનીય છે કે 31 મે, 1953ના રોજ ન્યૂઝીલેન્ડના એડમન્ડ હિલેરી અને તેમના તિબેટીયન માર્ગદર્શક તેનઝિંગ નોર્ગે દ્વારા માઉન્ટ એવરેસ્ટ પર પ્રથમ વખત ચઢાણ કરવામાં આવ્યું હતું.
- માઉન્ટ એવરેસ્ટ કે નેપાળના પર્વતીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.
- માઉન્ટ એવરેસ્ટને તિબેટમાં 'ચોમોલુંગમ' અને નેપાળમાં 'સાગરમથા' તરીકે ઓળખવામાં આવે છે.
- માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સર્વોચ્ચ શિખર છે, જેની ઊંચાઈ 8,848 મીટર છે.

**નોંધ :** (1) નેપાળ અને ચીને માઉન્ટ એવરેસ્ટની સુધારેલી ઊંચાઈ 8,848.86 મીટર જાહેર કરી છે, નવી ઊંચાઈ અગાઉના માપ કરતા 86 સેમી વધુ છે.

(2) 8,848.86 મીટરની આ નવી ઊંચાઈએ લાંબા સમયથી સંકળાયેલી 8,848 મીટરની ઊંચાઈને બદલી નાખી છે, જે વર્ષ 1954માં સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા માપન મુજબ હતી.

(3) આ પર્વત નેપાળ અને તિબેટની સરહદ પર આવેલો છે અને શિખર પર બંને બાજુથી જોઈ શકાય છે.

(4) આ પર્વતનું નામ ભૂતપૂર્વ સર્વેયર જનરલ 'જ્યોર્જ એવરેસ્ટ'ના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## પાપુઆ ન્યુ ગિનીમાં ભૂસ્ખલન

પાપુઆ ન્યૂ ગિનીમાં તાજેતરમાં ભૂસ્ખલનને કારણે 2000થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

- આ વિનાશક ભૂસ્ખલન પાપુઆ ન્યૂ ગિનીના પર્વતીય એન્ગા પ્રાંતમાં ઘણા ગામોમાં ત્રાટક્યું હતું.
- પાપુઆ ન્યૂ ગિનીના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર સૌથી વધુ નુકસાન ખેતીને થયું છે.
- ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા પાપુઆ ન્યૂ ગિનીમાં સહાય માટે રાહત સામગ્રી સાથેનું વિમાન અને અન્ય સામગ્રી મોકલવામાં આવી હતી.
- આ ઉપરાંત ભૂસ્ખલનથી પ્રભાવિત પાપુઆ ન્યુ ગિનીને ભારતે 1 મિલિયન અમેરિકન ડોલરની તાત્કાલિક સહાય પૂરી પાડી છે.
- પાપુઆ ન્યુ ગિની ભારતનો ગાઢ મિત્ર છે અને ફોરમ ફોર ઈન્ડિયા–પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન (FIPIC) હેઠળ ભાગીદાર છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભૂસ્ખલન

ભૂસ્ખલનને વ્યાપક રીતે પૃથ્વીના ઢોળાવ નીચે માટી, ખડકો અને કાટમાળની હિલચાલ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

- ભૂસ્ખલન એ સામૂહિક ધોવાણનો એક પ્રકાર છે, જે ગુરુત્વાકર્ષણના સીધા પ્રભાવ હેઠળ જમીન અને ખડકોની નીચે તરફની હિલચાલને દર્શાવે છે.
- ભૂસ્ખલન કુદરતી અને માનવસર્જિત બંને ઢોળાવ પર થઈ શકે છે.
- અને તે મોટાભાગે ભારે વરસાદ, ધરતી કંપ, જ્વાળામુખીની પ્રવૃત્તિ, માનવ પ્રવૃત્તિઓ (જેમ કે બાંધકામ અને ખાણકામ) અને ભૂગર્ભજળના સ્તરમાં ફેરફાર જેવા પરિબળોના સંયોજનને કારણે થાય છે.
- ભૂસ્ખલનને તેમની હિલચાલની લાક્ષણિકતાઓના આધારે ઘણા પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

(a) સ્લાઈડ્સ : તે ભંગાણની સપાટી અથવા નબળાઈના ક્ષેત્રમાં માટી અથવા ખડકોની હિલચાલ છે.

- સ્લાઈડ્સના બે મુખ્ય પ્રકારો છે :
  - (i) રોટેશનલ સ્લાઈડ – આ પ્રકારની સ્લાઈડમાં ભંગાણની સપાટી અંતર્મુખી રીતે ઉપરની તરફ વળેલી હોય છે અને ઘટતા દળની સ્લાઈડની હિલચાલ એ ધરીની આસપાસ ફરતી હોય છે, જે જમીનની સપાટીની સમાંતર હોય છે અને સમગ્ર સ્લાઈડમાં ટ્રાંસવર્સ હોય છે.
  - (ii) ટ્રાન્સલેશનલ સ્લાઈડ – આ પ્રકારની સ્લાઈડમાં ભૂસ્ખલન સમૂહ થોડું પરિભ્રમણ અથવા પાછળની તરફ ટિલ્ટિંગ સાથે આશરે પ્લાનર સપાટી સાથે આગળ વધે છે.

(b) ટોપલ્સ : આ પ્રકારના ભૂસ્ખલન હેઠળ ઘટી રહેલા સમૂહને પાયા પર અથવા તેની નજીકના ધરી અથવા બિંદુની આસપાસ આગળ પરિભ્રમણ અને હિલચાલ પસાર થાય છે.

(c) ધોધ : તેમા ખડક અથવા ઢાળવાળી ઢોળાવમાંથી સામગ્રીના પતનનો સમાવેશ થાય છે, જે પછી ઢાળથી નીચે આવે છે અને પાયાની નજીક એકત્રિત થાય છે.

(d) પ્રવાહ : આ પ્રકારના ભૂસ્ખલનમાં પ્રવાહીના રૂપમાં ઢાળ નીચે સામગ્રીની હિલચાલનો સમાવેશ થાય છે. તેમાં કાદવ પ્રવાહ, કાટમાળનો પ્રવાહ રોક ફ્લો અથવા રોક હિમપ્રપાતનો સમાવેશ થાય છે.

(e) સ્પ્રેડ : તે માટી અથવા ખડકોની હિલચાલ છે, જેમાં બાજુના વિસ્તરણ અને સમૂહને ક્રેકીંગનો સમાવેશ થાય છે. તે સામાન્ય રીતે સામગ્રીના પ્રવાહી અથવા પ્લાસ્ટિક વિકૃતિને કારણે થાય છે.

## ભૂસ્ખલનની અસરો

(1) અર્થવ્યવસ્થા પર અસર : ભૂસ્ખલન મિલકતના વિનાશનું કારણ બને છે. તેના પુનઃસ્થાપન અને પુનઃનિર્માણ પાછળ કરોડોનો ખર્ચ થાય છે.

(2) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન : ભૂસ્ખલનના પરિણામે કાદવ, કાટમાળ અને ખડકોના બળના પ્રવાહને કારણે વ્યક્તિગત મિલકત અને રસ્તાઓ, રેલવે, આરામ સ્થળો, ઈમારતો અને સંદેશાવ્યવહાર પ્રણાલી જેવા અન્ય મહત્ત્વપૂર્ણ માળખાને ગંભીર નુકસાન થઈ શકે છે.

(3) જાનહાની : ટેકરીઓ અને પર્વતોની તળેટીમાં રહેતા સમુદાયોને ભૂસ્ખલનનું વધુ જોખમ રહેલું છે.

(4) જમીનની સુંદરતાને અસર : કાદવ, ખડકો અને કાટમાળનો પ્રવાહ સ્થળની કુદરતી દૃષ્ટિ અથવા સુંદરતાને ખલેલ પહોંચાડે છે.

(5) પૂર : તે નદીના પાણીને ડાયવર્ઝન તરફ દોરી શકે છે, જેનાથી વિસ્તારોમાં પૂર આવે છે અને સંપત્તિને નુકસાન પહોંચાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(6) વિકાસને અસર : ભૂસ્ખલન વિકાસ અને અન્ય માળખાકીય પ્રોજેક્ટ્સને જોખમી તેમજ ખર્ચાળ બનાવે છે, જે બદલામાં આ વિસ્તારોમાં વિકાસની પ્રવૃત્તિઓને પ્રતિકૂળ અસર કરે છે.


નોંધ : (1) પાપુઆ ન્યુ ગિની એક ટાપુ દેશ છે, જે દક્ષિણ–પશ્ચિમ પેસિફિકમાં આવેલો છે.
(2) તેની પશ્ચિમમાં ઈન્ડોનેશિયા, દક્ષિણમાં ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ–પૂર્વમાં સોલોમન ટાપુઓ આવેલા છે.
(3) તેની રાજધાની અને સૌથી મોટું શહેર પોર્ટ મોરેસ્બી છે.

## લિથુઆનિયાએ રાષ્ટ્રપતિ ગીતાનાસ નૌસેદાને બીજી ટર્મ માટે ફરીથી ચૂંટ્યા



26 મે, 2024ના રોજ યોજાયેલી ચૂંટણીમાં વર્તમાન વડાપ્રધાન ઈન્ગ્રિડા સિમોનીટેને હરાવ્યા બાદ ગીતાનાસ નૌસેદા લિથુઆનિયાના રાષ્ટ્રપતિ તરીકે બીજી મુદત માટે ફરીથી ચૂંટાયા છે.

- ગીતાનાસ નૌસેદા બિન–પક્ષીય ઉમેદવાર છે, એટલે કે તેઓ કોઈપણ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી.
- તેઓએ સૌપ્રથમ વર્ષ 2019માં લિથુઆનિયાના રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળ્યું હતું.
- લિથુઆનિયા યુરોપના બાલ્ટિક પ્રદેશનો એક ભાગ છે.
- તેની રાજધાની અને સૌથી મોટું શહેર વિલ્નીયસ છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે — (D)

2. વર્ષ 2024ની ‘આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ’ની થીમ શું છે ?

(A) Man in Peacekeeping-A key to Peace

(B) Youth in Peacekeeping - A key to peace

(C) People, Peace, Progress, The Power of Partnerships

(D) Fit for the future, building better together — (D)

3. ‘વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 મે (B) 29 મે (C) 30 મે (D) 31 મે — (B)

4. ‘આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ’ અથવા તો ‘માઉન્ટ એવરેસ્ટ દિવસ’ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 28 મે (B) 29 મે (C) 30 મે (D) 31 મે — (B)

5. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશમાં ભૂસ્ખલનને કારણે 2000થી વધુ લોકોના મૃત્યુ થયા હતા ?

(A) ઈન્ડોનેશિયા (B) ચીન (C) પાપુઆ ન્યુ ગિની (D) માલદીવ — (C)

6. તાજેતરમાં ગીતાનાસ નૌસેદા કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા છે ?

(A) લિથુઆનિયા (B) લક્ઝમબર્ગ (C) ક્રોએશિયા (D) બલ્ગેરિયા — (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PRAVAAH Portal

તાજેતરમાં RBIના ગવર્નરે RBIની ત્રણ મુખ્ય પહેલ PRAVAAH પોર્ટલ, રીટેલ ડાયરેક્ટ મોબાઈલ એપ અને ફિનટેક રિપોઝીટરીનું અનાવરણ કર્યુ હતું.

### PRAVAAH Portal વિશે

PRAVAAH (Platform for Regulatory Application, Validation, and Authorisation) પોર્ટલ એ કોઈપણ વ્યક્તિ અથવા એન્ટિટી માટે RBIને આપેલા કોઈપણ સંદર્ભ પર અધિકૃતતા, લાયસન્સ અથવા નિયમનકારી મંજૂરી મેળવવા માટે એક સુરક્ષીત અને કેન્દ્રીય વેબ–આધારિત પોર્ટલ છે.

- આ પોર્ટલ RBI દ્વારા નિયમનકારી મંજૂરીઓ આપવા સંબંધિત વિવિધ પ્રક્રિયાઓની કાર્યક્ષમતામાં પણ વધારો કરશે.
- હાલમાં RBIના વિવિધ નિયમનકારી અને સુપરવાઝરી વિભાગોને આવરી લેતા 60 અરજી પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

### રીટેલ ડાયરેક્ટ મોબાઈલ એપ્લિકેશન વિશે

રિટેલ ડાયરેક્ટ મોબાઈલ એપ્લિકેશન રિટેલ રોકાણકારો માટે સરકારી સિક્યોરિટીઝ (G-Secs) માટે રિટેલ ડાયરેક્ટ પ્લેટફોર્મ પર એક્સેસ અને વ્યવહાર કરવાનું સરળ બનાવવા માટે બનાવવામાં આવી છે.

- એપ્લિકેશન G-Secs માર્કેટમાં છૂટક રોકાણકારોની ભાગીદારી વધારવાના ઉદ્દેશ્યથી ઘણી કાર્યક્ષમતા પ્રદાન કરે છે, જેમાં એકાઉન્ટ મેનેજમેન્ટ, પ્રાથમિક હરાજી, ગૌણ બજાર વ્યવહારો અને વપરાશકર્તા એક્સેસિબિલિટીનો સમાવેશ થાય છે.

### ફિનટેક રિપોઝીટરી વિશે

ભારતીય ફિનટેક કંપનીઓ પર વ્યાપક ડેટા ધરાવતો વેબ–આધારિત ડેટાબેઝ, નિયમનકારી હેતુઓ માટે ફિનટેક લેન્ડસ્કેપને વધુ સારી રીતે સમજવાની સુવિધા આપે છે.

## UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ

તાજેતરમાં મેજર રાધિકા સેનને 2023 માટે યુ.એન મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAM

- તેમને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એંટોનિયો ગુટેરેસે આ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.
- મેજર રાધીકા સેન એક ભારતીય આર્મી ઓફિસર છે, જેણે કોંગોમાં યુ.એન. મિશન સાથે મહિલા શાંતિ રક્ષક (Women Peacekeeper) તરીકે સેવા આપી હતી.




- મેજર રાધિકા સેન માર્ચ 2023 થી 2024 સુધી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં ઈન્ડિયન રેપિડ ડિપ્લોયમેન્ટ બટાલિયન માટે MONUSCOની એન્ગેજમેન્ટ પ્લાટૂનનો હવાલો સંભાળતા હતા.
- તેમના કાર્યકાળ દરમિયાન તેમણે સ્થાનિક લોકોની સલામતી અને સુખાકારી માટે મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા હતા.
- તેમણે બાળકો માટે અંગ્રેજી વર્ગો અને વિસ્થાપિત તથા હાંસિયામાં ધકેલાઈ ગયેલા પુખ્ત વયના લોકો માટે આરોગ્ય, લિંગ અને વ્યાવસાયિક તાલીમની સુવિધા આપી હતી.

**નોંધ :** (1) યુનાઈટેડ નેશન્સ મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ ઠરાવ 1325ની અંદરના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવા માટે વ્યક્તિગત શાંતિ રક્ષકના સમર્પણ અને પ્રયત્નોને માન્યતા આપે છે. તે 2016માં ડિપાર્ટમેન્ટ ફોર પીસ ઓપરેશન્સ (DPO)ની અંદર લશ્કરી બાબતોના કાર્યાલય દ્વારા બનાવવામાં આવ્યું હતું.

(2) યુએન સિક્યુરિટી કાઉન્સિલે 2010માં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં યુએન ઓર્ગેનાઈઝેશન સ્ટેબિલાઈઝેશન ઓપરેશન MONUSCOની રચના કરી હતી, તે MONUCમાંથી વિકસ્યું હતું, જે અગાઉનું ઓપરેશન હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RudraM-II એર-ટુ-સરફેસ મિસાઈલનું સફળ પરીક્ષણ

તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ ઓડિશાના દરિયાકાંઠે ભારતીય વાયુસેના (IAF)ના SU-30 MK-I પ્લેટફોર્મ પરથી RudraM-IIનું સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કર્યુ હતું.

### RudraM-II મિસાઈલ વિશે



તે સ્વદેશી રીતે વિકસિત ઘન–સંચાલિત એર–લોન્ચ મિસાઈલ સિસ્ટમ છે.

- તે ઘણા પ્રકારની દુશ્મન સંપત્તિને તટસ્થ કરવા માટે એર–ટુ–સર્ફેસ ભૂમિકા માટે છે.

- આ મિસાઈલને 3 થી 15 કિમીની ઊંચાઈથી લોન્ચ કરી શકાય છે અને તેની રેન્જ 300 થી 350 કિલોમીટર છે.
- તે 200 કિલોગ્રામ સુધીના પેલોડ એટલે કે વિસ્ફોટકોને વહન કરવામાં સક્ષમ છે.
- આ મિસાઈલ એરક્રાફ્ટ હેંગર, બંકર અને એરસ્ટ્રીપ્સને નષ્ટ કરવામાં સક્ષમ છે.
- તે દુશ્મનના ગ્રાઉન્ડ રડાર (સર્વિલન્સ, ટ્રેકિંગ) અને સપ્રેશન ઓફ એનિમી એર ડિફેન્સ (SEAD) મિશનમાં કોમ્યુનિકેશન સ્ટેશનને લક્ષ્ય બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

## ખર્ચ ફુગાવો સૂચકાંક (Cost Inflation Index)

તાજેતરમાં આવકવેરા વિભાગે એપ્રિલ, 2024થી શરૂ થતા નાણાકીય વર્ષ માટે 'કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ' (CII) બહાર પાડ્યો છે.

### કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ (CII)

કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સનો ઉપયોગ કરદાતાઓ દ્વારા ફુગાવાને સમાયોજિત કર્યા પછી મૂડી સંપત્તિના વેચાણમાંથી નફાની ગણતરી કરવા માટે થાય છે.




- કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ દર વર્ષે આવકવેરા અધિનિયમ, 1961 હેઠળ સૂચિત કરવામાં આવે છે.
- CII નંબર વ્યક્તિને એસેટની ફુગાવા–સમાયોજિત વર્તમાન કિંમતની ખાતરી કરવામાં મદદ કરે છે.
- આ ફુગાવાને ધ્યાનમાં લીધા પછી મૂડી અસ્ક્યામતોના સ્થળાંતરણ અથવા વેચાણથી મૂડી લાભની ગણતરી કરવામાં મદદ કરે છે.
- મૂડી લાભ એ જમીન, મિલકત, શેરો, ટ્રેડમાર્ક્સ, પેટન્ટ વગેરે સહિત કોઈપણ મૂડી અસ્ક્યામતો (મિલકતો)ના વેચાણ/ટ્રાન્સફરમાંથી મેળવેલા નફાને દર્શાવે છે.
- સામાન્ય રીતે 'લાંબા ગાળાના મૂડી લાભો' તરીકે લાયક બનવા માટે સંપત્તિને 36 મહિનાથી વધુ (સ્થાવર મિલકત અને અનલિસ્ટેડ શેર માટે 24 મહિના, લિસ્ટેડ સિક્યોરિટીઝ માટે 12 મહિના) માટે જાળવી રાખવી જરૂરી છે.
- તે કરદાતાઓને ફુગાવાના પ્રભાવને સરભર કરવામાં મદદ કરે છે કારણ કે વધતી કિંમતોને કારણે ખરીદી અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત નોંધપાત્ર હોઈ શકે છે.
- મૂડી લાભ માટે કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સનો ઉપયોગ તેમની વેચાણ કિંમતના આધારે અસ્ક્યામતોની ખરીદ કિંમતને સમાયોજિત કરે છે, જેના પરિણામે નાની કમાણી અને ઓછી કર રકમ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'PRAVAAH પોર્ટલ' કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?

(A) RBI (B) SBI (C) NABARD (D) SEBI **(A)**

2. 2023નો સંયુક્ત રાષ્ટ્ર લશ્કરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) મેજર ઈલા શર્મા (B) કેપ્ટન સંજય ત્રિવેદી

(C) લેફ્ટનન્ટ જયા વર્મા (D) મેજર રાધિકા સેન **(D)**

3. RudraM-II એર–ટુ–સરફેસ મિસાઈલનું તાજેતરમાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, તે કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે ?

(A) JAXA (B) DRDO (C) ISRO (D) NASA **(B)**

4. લાંબા ગાળાના મૂડીના લાભોના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન 'કોસ્ટ ઈન્ફ્લેશન ઈન્ડેક્સ' (CII)ના હેતુને યોગ્ય રીતે વર્ણાવે છે ?

(A) CIIનો ઉપયોગ બજારની અસ્થિરતાને સમાયોજિત કરીને અસ્ક્યામતોના વેચાણમાંથી ટૂંકા ગાળાના મૂડી લાભની ગણતરી કરવા માટે થાય છે.

(B) CIIનો ઉપયોગ નાણાકીય રિપોર્ટિંગ હેતુઓ માટે સંપત્તિનું વર્તમાન બજાર મૂલ્ય નક્કી કરવા માટે થાય છે.

(C) CIIનો ઉપયોગ ફુગાવા માટે એડજસ્ટ કરીને અસ્ક્યામતોના વેચાણમાંથી લાંબા ગાળાના મૂડી લાભની ગણતરી કરવા માટે થાય છે.

(D) CIIનો ઉપયોગ પ્રાથમિક બજારમાં સરકારી સિક્યોરિટીઝની ખરીદ કિંમત નક્કી કરવા માટે થાય છે. **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day)




સમગ્ર વિશ્વમાં 31 મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ તમાકુના ઉપયોગની નકારત્મક સ્વાસ્થ્ય અસરો અંગે જાગૃત્તિ કેળવવાનો છે.
- આથી, આ દિવસે સમગ્ર વિશ્વમાં 24 કલાક માટે તમાકુના તમામ સ્વરૂપોના ઉપયોગનો ત્યાગ કરવા લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- WHOના સભ્ય દેશો દ્વારા 1987માં 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 2024ની 'વર્લ્ડ નો ટોબેકો ડે'ની થીમ 'Protecting children from tobacco industry interference' છે.

**નોંધ:** 'વિશ્વ તમાકુ નિષેધ દિન' 31 મે ના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ માદક પદાર્થ વિરોધ દિન' 26 જૂનના રોજ ઉજવાય છે.

## પુનઃસંયોજક પ્રોટીન (Recombinant Proteins)

ભારતીય વિજ્ઞાન સંસ્થા (Indian Institute of Science - IISc), બેંગ્લુરુના સંશોધકોએ મોનોસોડિયમ ગ્લુટામેટ (MSG)નો ઉપયોગ કરીને 'પુનઃસંયોજક પ્રોટીન' (Recombinant Proteins)નું વિશાળ ઉત્પાદન કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

### રિકોમ્બિનન્ટ પ્રોટીન વિશે

રિકોમ્બિનન્ટ પ્રોટીન એ કૃત્રિમ રીતે ઉત્પાદિત પ્રોટીન છે.

- રિકોમ્બિનન્ટ પ્રોટીન એ બેક્ટેરિયલ, વાઈરલ અથવા સસ્તન પ્રાણીઓના કોષોમાં પ્રોટીન માટે જનીન કોડિંગ દાખલ કરીને પ્રયોગશાળામાં બનાવેલ પ્રોટીન છે.
- સામાન્ય રીતે આ પ્રોટીન ચોક્કસ યીસ્ટના કોષોનો ઉપયોગ કરીને મોટા બાયોરિએક્ટરમાં ઉત્પન્ન થાય છે.
- જેમાં એક અનન્ય પ્રમોટર હોય છે, જેને આલ્કોહોલ ઓક્સિડેઝ (AOX) પ્રમોટર કહેવાય છે.
- મોટી માત્રામાં રિકોમ્બિનન્ટ પ્રોટીન ઉત્પન્ન કરવા માટે AOX પ્રમોટરને મિથેનોલ દ્વારા સક્રિય કરી શકાય છે.

## ઉપયોગ

વિવિધ તબીબી સારવારમાં વપરાતા રોગનિવારક પ્રોટીનના ઉત્પાદન માટે રિકોમ્બિનન્ટ પ્રોટીન આવશ્યક છે.

- મોનોક્લોનલ એન્ટિબોડીઝ અને રિકોમ્બિનન્ટ રસીઓ સહિત અદ્યતન જૈવિક દવાઓ વિકસાવવા માટે રિકોમ્બિનન્ટ પ્રોટીન નિર્ણાયક છે.
- આ દવાઓ વિશાળ શ્રેણીના રોગો માટે ચોક્કસ અને અસરકારક સારવાર પૂરી પાડે છે.
- દ્રાવ્યતા અને ઉત્પાદન ઉપજ જેવા ગુણધર્મોને સુધારવા માટે રિકોમ્બિનન્ટ પ્રોટીનને તેમના ક્રમમાં ફેરફાર કરીને કસ્ટમાઈઝ કરી શકાય છે.
- રિકોમ્બિનન્ટ પ્રોટીનનો ઉપયોગ ઔદ્યોગિક પ્રક્રિયાઓ માટે એન્ઝાઈમ ઉત્પાદન સહિત વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં થાય છે.
- તે કૃષિ કાર્યક્રમો માટે આનુવંશિક રીતે સંશોધિત સજીવો બનાવવામાં ભૂમિકા ભજવે છે.

**નોંધ :** (1) મિથેનોલ એ એક કાર્બનિક રાસાયણિક સંયોજન અને સૌથી સરળ એલિફેટિક આલ્કોહોલ છે.
(2) તેને વુડ આલ્કોહોલ અથવા મિથાઈલ આલ્કોહોલ તરીકે પણ ઓળખવામાં આવે છે.
(3) તેનું રાસાયણિક સુત્ર $CH_3OH$ છે.
(4) તે એકદમ મીઠી તીખી ગંધ સાથે રંગહીન, એકદમ અસ્થિર પ્રવાહી તરીકે દેખાય છે અને પાણી સાથે સંપૂર્ણપણે ભળી જાય છે.
(5) મિથેનોલ જ્વલનશીલ અને ઝેરી છે અને તેના સેવનથી અંધત્વ થઈ શકે છે.

## ભારતના વિકાસ માટે એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)ની પ્રતિબદ્ધતા




એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ અને પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમણે જણાવ્યું કે વર્ષ 2023માં ભારતને 2.6 બિલિયન અમેરિકન ડોલરનું સાર્વભૌમ ધિરાણ (Sovereign Lending) પૂરું પાડ્યાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

- ADB તેના પોર્ટફોલિયોને 2023 માટે ભારતની પ્રાથમિકતાઓ સાથે સંરેખિત કરે છે.
- જે માળખાકીય પરિવર્તન, રોજગાર સર્જન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનીકરણીય ઊર્જા, ઉદ્યોગ, શહેરીકરણ, વીજળી અને આબોહવા સ્થિતિસ્થાપકતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- વિશાખાપટ્ટનમ–ચેન્નાઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર માટે વિશેષ સમર્થન સહિત ભારતના રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે વધારાના ભંડોળને મંજૂરી આપવામાં આવી હતી.

- ADB દરેક રાજ્ય માટે તેના વિકાસના સ્તરના આધારે અલગ અભિગમનો ઉપયોગ કરે છે.
- ઉદાહરણ તરીકે ઓછી આવક ધરાવતા રાજ્યોમાં મૂળભૂત સેવાઓ પૂરી પાડવા, જટિલ માળખાકીય સુવિધાઓ સુધારવા અને સાર્વભૌમ કામગીરી દ્વારા મજબૂત સંસ્થાઓ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

## ADB વિશે

ADBનું પૂરું નામ 'Asian Development Bank' છે.

- એશિયન ડેવલપમેન્ટ બેંક એ એક પ્રાદેશિક વિકાસ બેંક છે.
- તેનું પ્રાથમિક મિશન એશિયા-પેસિફિક ક્ષેત્રના દેશો વચ્ચે 'આર્થિક વિકાસ અને સહકારને પ્રોત્સાહન' આપવાનો છે.
- તેની સ્થાપના 19 ડિસેમ્બર, 1966ના રોજ કરવામાં આવી હતી.
- એશિયન ડેવલપમેન્ટ બેંક પાસે વર્તમાન 68 સભ્યો છે.
- તેનું વડું મથક ફિલિપાઈન્સના મનિલામાં અથવા તો ફિલિપાઈન્સના મેટ્રો મનિલા પ્રદેશના મન્ડાલ્યુયોન્ગ નામના શહેરના Origas Centerમાં આવેલું છે.

# સ્ટાફ સિલેક્શન કમિશન (SSC)ના અધ્યક્ષ તરીકે રાકેશ રંજનની નિમણૂક



મણિપુર કેડરના 1992 બેચના IAS અધિકારી રાકેશ રંજનને સ્ટાફ સિલેક્શન કમિશન (SSC)ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- આ નિમણૂક કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા જારી કરાયેલી સૂચના બાદ કરવામાં આવી છે.

## સ્ટાફ સિલેક્શન કમિશન (SSC)

ભારત સરકારે 1975માં ગૌણ સેવા આયોગની રચના કરી હતી, જેનું 1977માં નામ બદલીને સ્ટાફ સિલેક્શન કમિશન રાખવામાં આવ્યું હતું.

- SSC ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં તથા ગૌણ કચેરીઓ અને એજન્સીઓમાં વિવિધ જગ્યાઓ માટે કર્મચારીઓની ભરતી કરે છે.
- આ કમિશન એ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગની સંલગ્ન કચેરી છે.
- તેમાં અધ્યક્ષ, બે સભ્યો અને એક સચિવ-કમ-કંટ્રોલર ઓફ એક્ઝામિનેશનનો સમાવેશ થાય છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 મે (B) 30 મે (C) 31 મે (D) 1 જૂન — (C)

2. વર્ષ 2024ની 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની થીમ શું છે ?

(A) Protecting children from tobacco industry interference

(B) Tobacco : Dedly in any From or Disguise

(C) Tobacco : A threat to development

(D) Tobacco, Kills, don't be duppd — (A)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'રિકોમ્બિનન્ટ પ્રોટીન' (Recombinant Proteins) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે કૃત્રિમ રીતે ઉત્પાદિત પ્રોટિન છે.

2. તે બેક્ટેરિયલ, વાઈરલ અથવા સસ્તન પ્રાણીઓના કોષમાં પ્રોટીન માટે જનીન કોડિંગ દાખલ કરીને પ્રયોગશાળામાં બનાવેલ પ્રોટીન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા — (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. એશિયન ડેવલપમેન્ટ બેંકની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 19 ડિસેમ્બર, 1966 (B) 19 ડિસેમ્બર, 1968

(C) 19 ડિસેમ્બર, 1970 (D) 19 ડિસેમ્બર, 1996 — (A)

5. ADBનું વડુંમથક કયાં આવેલું છે ?

(A) જીનિવા (B) ન્યુયોર્ક (C) મનિલા (D) પેરિસ — (C)

6. તાજેતરમાં 'સ્ટાફ સિલેકશન કમિશન' (SSC)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) રાકેશ રંજન (B) અકીલ ત્રિપાઠી

(C) કમલેશ વૈશ્નવ (D) અભિજિત શર્મા — (A)

## દિવસ મહિમા : 01 જૂન, (1) વૈશ્વિક માતા-પિતા દિવસ
## (2) વિશ્વ દૂધ દિવસ (World Milk Day)

### વિશ્વ દૂધ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જૂન ના રોજ 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day)ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ડેરી ક્ષેત્રના વિકાસ, દૂધ ઉત્પાદન પ્રવૃત્તિઓ અને દૂધના પોષક મૂલ્યોના મહત્ત્વને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા વર્ષ 2001 થી દર વર્ષે 1 જૂને આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ: ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડો. વર્ગિસ કુરિયનના જન્મદિવસ નિમિત્તે 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 2024માં વિશ્વની બેરોજગારીમાં થોડો ઘટાડો થશે

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)એ વર્ષ 2024 માટે તેના વૈશ્વિક બેરોજગારી અનુમાનમાં સુધારો કર્યો છે.

- આ સુધારો મુખ્યત્વે આ વર્ષે અત્યાર સુધી ચીન, ભારત અને ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં અપેક્ષિત બેરોજગારી દરો કરતા નીચો હોવાને કારણે કરવામાં આવ્યો છે.
- ILO 2024માં વૈશ્વિક બેરોજગારી દર 4.9% રહેવાની અપેક્ષા રાખે છે, જેણે અગાઉ આ વર્ષે બેરોજગારી દર 5.2% થવાની આગાહી કરી હતી.
- ILOએ જણાવ્યું છે કે વિશ્વભરમાં લગભગ 183 મિલિયન લોકો એવા છે જે સત્તાવાર રીતે બેરોજગાર છે.
- જ્યારે નોકરી વગરના પરંતુ કામ કરવા ઈચ્છુક લોકોની સંખ્યા 402 મિલિયન છે.
- એકંદર સુધારાઓ હોવા છતા શ્રમ બજારોમાં અસમાનતાઓ યથાવત છે અને મહિલાઓ ખાસ કરીને ઓછી આવક ધરાવતા દેશોમાં પ્રભાવિત થાય છે.

### ILO

ILOનું પૂરું નામ 'International Labour Organization' છે.

- લીગ ઓફ નેશન્સની સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા વર્ષ 1919માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1946મા સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ સંલગ્ન વિશેષ એજન્સી બની હતી.
- તે સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ અને સૌથી જૂની વિશિષ્ટ એજન્સી છે.
- તે UNની એકમાત્ર ત્રિપક્ષીય એજન્સી છે, જે આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણો નક્કી કરીને સામાજિક અને આર્થિક ન્યાયને આગળ ધપાવે છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત માનવ અને મજૂર અધિકારોને પ્રોત્સાહન આપે છે.
- તેના 187 સભ્ય દેશો છે (UNના 193 સભ્ય દેશોમાંથી 186 દેશ અને કૂક ટાપુઓ)
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

## કાઝા સમિટ (KAZA Summit)

કાવાંગો–ઝામ્બેઝી ટ્રાન્સ–ફ્રન્ટિયર કન્ઝર્વેશન એરિયા (KAZA TFCA) સમિટ ઝામ્બિયાના લિવિંગ્સ્ટોન ખાતે તાજેતરમાં યોજાઈ હતી.



- તેમાં 400થી વધુ પ્રતિનિધિઓ એકત્ર થયા હતા.
- અંગોલા, બોત્સ્વાના, નામિબિયા, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વેના પ્રતિનિધિઓ આ બેઠકમાં 27 મે થી 31 મે સુધી પાંચ દિવસ માટે મળ્યા હતા.
- કાઝા સંરક્ષણ વિસ્તાર આ દેશોનો બનેલો છે.
- તે હાથીઓની વિશ્વની સૌથી મોટી વસતી સહિત ઘણા બધા વન્યજીવો માટે જાણીતું છે.
- KAZA TFCA સમિટનો મુખ્ય ધ્યેય એ હતો કે તે પ્રથમ વખત સ્થાપવામાં આવ્યું ત્યારથી સંરક્ષણ વિસ્તાર કેટલો આગળ આવ્યો છે અને તે કેવી રીતે વિકસ્યો છે.
- 2006માં કરવામાં આવેલ સમજૂતી કરાર અને 2011ની કાઝા સંધિને જોવામાં આવ્યું હતું કે તેઓ પ્રકૃતિ આધારિત પ્રવાસન દ્વારા જૈવવિવિધતાને સુરક્ષિત કરવા અને અર્થતંત્રને વેગ આપવા માટે કેટલી સારી રીતે અમલમાં આવી રહ્યા છે.
- ઝિમ્બાબ્વેના વન્યજીવન અને વનીકરણ વ્યવસ્થાપન માટેના નિયામકએ આ બેઠક કેવી રીતે કાઝાને વિશ્વમાં સર્વશ્રેષ્ઠ–સંચાલિત સંરક્ષણ ક્ષેત્ર બનાવવા માંગે છે તે વિશે ચર્ચા કરી હતી.
- સમિટનો મુખ્ય વિચાર દરેકના સામાજિક અને આર્થિક વિકાસમાં મદદ કરવા માટે વિસ્તારના કુદરતી અને સાંસ્કૃતિક સંશાધનોનો ઉપયોગ કરવાનો હતો.

## એમેઝોન રેઈનફોરેસ્ટ



તાજેતરમાં બ્રાઝિલના એમેઝોન રેઈનફોરેસ્ટમાં 2024ના પ્રથમ ચાર મહિનામાં રેકોર્ડ પરની સૌથી મોટી જંગલની આગ જોવા મળી હતી.

- આબોહવા પરિવર્તન અને અલ નીનો આબોહવાની ઘટનાએ આ જંગલમાં વિક્રમજનક દુષ્કાળને વેગ આપ્યો છે, જે સૂકિ સ્થિતિને આગ માટે બળતણનો સ્ત્રોત બનાવે છે.

### એમેઝોન જંગલમાં આગ લાગવાના કારણો

પશુપાલકો અને ખેડૂતો ઘણીવાર પશુ ચરવા અથવા ખેતી માટે જમીન સાફ કરવા માટે સ્લેશ અને બર્ન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

- બાકીની વનસ્પતિને સાફ કરવા અને જમીન તૈયાર કરવા માટે તેઓ વૃક્ષો કાપીને જાણી જોઈને આગ લગાડે છે.
- શુષ્ક મોસમ દરમિયાન આ આગ ઘણીવાર અણધારી રીતે ફેલાઈ શકે છે.
- તાજેતરનું સંશોધન દર્શાવે છે કે અલ નીનો ઘટના અને એમેઝોનમાં આગની વધેલી પ્રવૃત્તિ વચ્ચે એક સંબંધ છે.
- ક્લાઈમેટ ચેન્જને કારણે વૈશ્વિક તાપમાનમાં વધારો થઈ રહ્યો છે અને હવામાનની પેટર્ન બદલાઈ રહી છે.
- સંશોધન દર્શાવે છે કે આબોહવા પરિવર્તન એમેઝોનમાં સૂકી સ્થિતિ તરફ દોરી શકે છે, જે આગનું જોખમ વધારે છે.
- ફેંકવામાં આવેલી સિગારેટમાંથી આકસ્મિક આગ, મશિનરીમાંથી તણખા કે વીજળીના કારણે પણ આગ લાગી શકે છે.
- ખોરાક ખાસ કરીને માંસની વધતી જતી વૈશ્વિક માંગને કારણે બ્રાઝિલ બીફનો વિશ્વનો સૌથી મોટો નિકાસકાર અને સોયાબીનનો બીજો સૌથી મોટો નિકાસકાર બની ગયો છે, જેનો ઉપયોગ મુખ્યત્વે પશુ આહાર માટે થાય છે.
- પરિણામે નિકાસની જરૂરિયાતોને પહોંચી વળવા વધુ જંગલો કાપવા પડે છે.

### એમેઝોનનું જંગલ

એમેઝોનના જંગલને 'Amazon RainForest' (એમેઝોન વર્ષાવન) તથા Amazonia તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે એક 'Moist Broadleaf Tropical RainForest' એટલે કે 'મોટા પાંદડા અને ભેજવાળું ઉષ્ણકટિબંધિય વરસાદી વન' છે.
- દક્ષિણ અમેરિકા ખંડના એમેઝોન બેસિનમાં આશરે 5,500,000 $KM^2$ વિસ્તારમાં આ જંગલો આવેલા છે.

- વિશ્વના કુલ Rainforest (વર્ષા કે વરસાદી વન)નો લગભગ અડધો ભાગ આ જંગલો ધરાવે છે.
- આ ઉપરાંત વિશ્વના ઉષ્ણકટિબંધીય વનોમાં સૌથી વધુ જૈવ વિવિધતા આ વનોમાં જ જોવા મળે છે.

## ક્યા દેશમાં આ જંગલ આવેલું છે ?

વિશ્વના કુલ 9 દેશોની સરહદમાં આ જંગલો આવેલા છે.

- જેમાં આ જંગલોનો સૌથી વધુ 60 ટકા વિસ્તાર એકલા બ્રાઝિલમાં જ આવેલો છે.
- બ્રાઝિલ બાદ બીજા ક્રમે પેરુમાં આ જંગલનો 13 ટકા અને ત્યારબાદ ત્રીજા ક્રમે કોલમ્બિયામાં આ જંગલનો 10 ટકા વિસ્તાર આવેલો છે.
- આ જંગલનો બાકીનો 17 ટકા વિસ્તાર વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ અને ફ્રેન્ચ ગુયાનામાં આવેલો છે.

## વિવિધ દેશોનો એમેઝોનના જંગલોમાં હિસ્સો

| ક્રમ | દેશ | હિસ્સો |
|---|---|---|
| 1 | બ્રાઝિલ | 60 |
| 2 | પેરુ | 13 |
| 3 | કોલમ્બિયા | 10 |
| 4 | વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ, ફ્રેન્ચ ગુયાના | 17 |

## શું એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ પૂરો પાડે છે ?

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ (એટલે કે ઓક્સિજન) પૂરો પાડે છે.

- અને આ કારણે એમેઝોનના જંગલોને 'વિશ્વના ફેફસા' પણ કહેવામાં આવે છે.
- પરંતુ ખરી હકીકત તો એ છે કે પૃથ્વીના કુલ વિસ્તારમાંથી આશરે 71 ટકા ભાગ પાણી અને લગભગ 29 ટકા ભાગ જમીનનો છે.
- જેમાં પૃથ્વીના ફક્ત જમીન વિસ્તારના જ અને એમાંય પ્રકાશસંશ્લેષણ (Photosynthesis)ની ક્રિયા દ્વારા ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનમાંથી લગભગ 20 ટકા હિસ્સો એમેઝોનના જંગલોનો છે, સમગ્ર વિશ્વમાં ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનનો નહિ.

# વિશ્વના પ્રથમ 3-D પ્રિન્ટેડ રોકેટ 'અગ્નિબાણ'નું દેશના પ્રથમ ખાનગી લોન્ચપેડ પરથી સફળ લોન્ચિંગ

Agnikul Cosmos નામની કંપની, જે ચેન્નાઈ સ્થિત IIT મદ્રાસ ખાતે શરૂ કરવામાં આવી હતી, તેણે 30 મે, 2024ના રોજ સંપૂર્ણ 3D-પ્રિન્ટેડ એન્જિન દ્વારા સંચાલિત વિશ્વનું પ્રથમ રોકેટ 'Agnibaan-SOrTeD' સુરક્ષિત રીતે લોન્ચ કરીને ઈતિહાસ રચ્યો હતો.




- આ લોન્ચિંગ શ્રી હરિકોટા ખાતે 'ધનુષ' તરીકે ઓળખાતા ભારતના પ્રથમ ખાનગી રીતે બનેલા લોન્ચપેડ પરથી કરવામાં આવ્યું હતું.
- આ લોન્ચિંગથી ભારતીય અવકાશ ઈકોસિસ્ટમના વિકાસ માટે ઘણી સિદ્ધિઓ મળી છે.

## અગ્નિબાન સબઓર્બિટલ ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર (SOrTeD)

અગ્નિબાન સબઓર્બિટલ ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર (SorTeD) રોકેટ એ બે તબક્કાનું પ્રક્ષેપણ વ્હીકલ છે.

- તે અગ્નિકુલના પેટન્ટ અગ્નિલેટ એન્જિન (Agnikul's Patented Agnilet Engine) દ્વારા સંચાલિત છે.
- અગ્નિલેટ 3D પ્રિન્ટેડ, 6 કિલો ન્યુટન (KN) અર્ધ–ક્રાયોજેનિક એન્જિન છે જે પ્રવાહી ઓક્સિજન અને કેરોસીનનો પ્રોપેલન્ટ તરીકે ઉપયોગ કરે છે.
- અગ્નિલેટ એ વિશ્વનું પ્રથમ 3D-પ્રિન્ટેડ એન્જિન છે જેનું સંપૂર્ણ ભારતમાં ડિઝાઈન અને ઉત્પાદન કરવામાં આવ્યું છે.
- આ એન્જિન ખૂબ જ જટિલ છે અને તે ખૂબ જ ઊંચા તાપમાને કામ કરે છે.
- તે પૃથ્વીની સપાટીથી લગભગ 700 કિમીની નીચી પૃથ્વીની ભ્રમણકક્ષામાં 100 કિલોગ્રામ સુધીના પેલોડને લઈ જવા માટે સક્ષમ છે.
- અગ્નિકુલ રોકેટ 18 મીટર ઊંચું છે અને તેનું વજન 14000 કિલો છે.

**નોંધ :** (1) અગ્નિકુલ કોસમોસે 2022માં આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC) ખાતે ભારતનું પ્રથમ ખાનગી લોન્ચપેડ અને મિશન કન્ટ્રોલ સેન્ટર ખુલ્યું હતું. તેનું ઉદઘાટન 28 નવેમ્બર ઈસરોના અધ્યક્ષ શ્રી એસ. સોમનાથે કર્યું હતું.

(2) 3D પ્રિન્ટિંગને એડિટિવ મેન્યુફેક્ચરિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વૈશ્વિક માતા–પિતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન (B)

2. 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન (B)

3. તાજેતરમાં ILOના જણાવ્યા અનુસાર 2024માં વૈશ્વિક બેરોજગારી દર થોડો ઘટીને કેટલા ટકા થવાની ધારણા છે ?

(A) 4.5% (B) 4.9% (C) 5.3% (D) 5.5% (B)

4. ILO સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેનું પૂરું નામ 'International Labour Organization' છે.
2. લીગ ઓફ નેશન્સની સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા વર્ષ 1919માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
3. તે આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણો નક્કી કરીને સામાજિક અને આર્થિક ન્યાયને આગળ ધપાવે છે.
4. તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1 અને 3 (A)

5. તાજેતરમાં ક્વાંગો–ઝામ્બેઝી ટ્રાન્સ–ફ્રન્ટિયર કન્ઝર્વેશન એરિયા (KAZA-TFCA) સમિટ કયાં યોજાઈ હતી ?

(A) ફ્રાન્સ (B) નાઈઝર (C) સેનેગલ (D) ઝામ્બિયા (D)

6. વિશ્વમાં કુલ કેટલા દેશોમાં એમેઝોનનું જંગલ આવેલું છે ?

(A) 5 (B) 7 (C) 9 (D) 12 (C)

7. એમેઝોન જંગલ કયા ખંડમાં આવેલું છે ?

(A) ઉત્તર અમેરિકા (B) દક્ષિણ અમેરિકા (C) યુરોપ (D) દક્ષિણ આફ્રિકા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. તાજેતરમાં સમાચારમાં રહેલ અગ્નિબાન સબઓર્બિટલ ટેક્નોલોજીકલ ડેમોન્સ્ટ્રેટર (SOrTeD) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ચેન્નાઈ સ્થિત સ્પેસ ટેક સ્ટાર્ટઅપ અગ્નિકુલ કોસમોસ દ્વારા વિકસિત બે તબક્કાનું પ્રક્ષેપણ વ્હીકલ છે.

2. તે અગ્નિકુલના પેટન્ટ અગ્નિલેટ એન્જિન દ્વારા સંચાલિત છે આ અગ્નિલેટ વિશ્વનું પ્રથમ 3D–પ્રિન્ટેડ એન્જિન છે.


3. તે પૃથ્વીની સપાટીથી લગભગ 700 કિમીની નીચી પૃથ્વીની ભ્રમણકક્ષામાં 100 કિલોગ્રામ સુધીના પેલોડને લઈ જવા માટે સક્ષમ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **રાજકોટમાં ગેમઝોનમાં આગ**



રાજકોટ શહેરના કાલાવાડ રોડ ઉપર આવેલ TRP ગેમઝોનમાં આગ લાગવાથી 32 જેટલા લોકોના નિધન થયા છે. રાજકોટ ગેમ સેન્ટરમાં તાજેતરની આગ દુર્ઘટનાએ અગ્નિ સલામતીના નિયમો અને તેના અમલીકરણ અંગેની ચિંતાઓને પ્રકાશિત કરી છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (NCRB)ના એક્સિડેન્ટલ ડેથ્સ એન્ડ સ્યુસાઈડ્સ ઈન ઈન્ડિયા (ADSI) રિપોર્ટ અનુસાર વર્ષ 2022માં 7,500 થી વધુ આગ અકસ્માતોમાં 7,435 લોકોના મૃત્યુ થયા હતા. આગની દુર્ઘટનાઓ મોટી સંખ્યામાં જાનહાનિનું કારણ બની રહી છે. ભારતમાં નેશનલ બિલ્ડિંગ કોડ (NBC) આગ સલામતી માટે કેન્દ્રીય ધોરણ તરીકે કાર્ય કરે છે. તે વર્ષ 1970માં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને છેલ્લે વર્ષ 2016માં અપડેટ કરવામાં આવ્યું હતું. તે સામાન્ય બાંધકામની જરૂરિયાતો, ઈમારતોની જાળવણી અને અગ્નિ સલામતી વિશે વિગતવાર માર્ગદર્શિકા/પ્રદાન કરે છે. NBCના ભાગ-4માં આગ સલામતી સૂચનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારો માટે તેમના સ્થાનિક બિલ્ડિંગ પેટા-નિયમોમાં NBCનો સમાવેશ કરવો ફરજિયાત જરૂરિયાત છે. તે એટલા માટે છે કારણ કે અગ્નિશમન સેવાઓ એ રાજ્યનો વિષય છે, જેનો બંધારણની 12મી અનુસૂચિમાં મ્યુનિસિપલ કાર્યો તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

# ભારત

➤ **AI Krish અને AI Bhoomi**



તાજેતરમાં દૂરદર્શન કિસાન (DD KISAN) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્રિશ (AI Krish) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભૂમિ (AI Bhoomi) નામના બે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્કર લોન્ચ કરનારી દેશની પ્રથમ સરકારી ટીવી ચેનલ બની છે. આ બંને ચેનલો ખેડૂતો માટે માહિતી કેન્દ્ર તરીકે કાર્ય કરશે, જે વિવિધ કૃષિ સંબંધિત વિષયો પર માહિતી પ્રદાન કરશે. તેઓ 50 ભાષાઓમાં બોલી શકે છે અને દિવસમાં 24 કલાક, વર્ષમાં 365 દિવસ સમાચાર વાંચી શકે છે. આ પહેલનો ઉદ્દેશ્ય શિક્ષણ અને સર્વગ્રાહી વિકાસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીને કૃષિ અને ગ્રામીણ સમુદાયની સેવા કરવાનો છે. DD KISAN એ ભારતીય સરકારી માલિકીની કૃષિ ટેલિવિઝન ચેનલ છે, જેની સ્થાપના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.

➤ **પ્રગતિ - 2024**



સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સ (CCRAS)એ આયુર્વેદના ક્ષેત્રમાં સહયોગી સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે ‘પ્રગતિ-2024’ (આયુર્વેદમાં ફાર્મા સંશોધન અને તકનીકી નવીનતા) નામની અભૂતપૂર્વ પહેલ શરૂ કરી છે. પ્રગતિ 2024નો હેતુ સંશોધનની તકો શોધવા અને CCRAS અને આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. CCRAS એ આયુષ મંત્રાલય (આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી) હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે. તે આયુર્વેદ અને સોવા રિગ્પા પ્રણાલીમાં વૈજ્ઞાનિક રીતે આધારિત સંશોધનના ઘડતર, સંકલન, વિકાસ અને પ્રોત્સાહન માટે ભારતમાં એક સર્વોચ્ચ સંસ્થા છે.

➤ **ન્યાશી જનજાતિ**



પર્વતારોહક અને ક્રિકેટર કબાક યાનો તાજેતરમાં અરૂણાચલ પ્રદેશની પાંચમી મહિલા અને માઉન્ટ એવરેસ્ટ સર કરનારી ન્યાશી જનજાતિની પ્રથમ મહિલા બનીને ઈતિહાસ રચ્યો છે. ન્યાશી એ અરૂણાચલ પ્રદેશમાં સૌથી મોટો વંશીય સમુહ છે. તેમની આશરે 3,00,000ની વસતી તેમને અરૂણાચલ પ્રદેશમાં સૌથી વધુ વસતી ધરાવતી આદિજાતિ બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઘઉંની આયાત**



ભારત વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો ઘઉં ઉત્પાદક દેશ, સતત ત્રણ વર્ષના નિરાશાજનક પાક ઉત્પાદન અને વધતા ભાવને અંકુશમાં લેવાના કારણે ઘટી ગયેલા સ્ટોકને ફરીથી ભરવા માટે છ વર્ષના અંતરાલ પછી ઘઉંની આયાત ફરી શરૂ કરવાનું આયોજન કરી રહ્યું છે. ભારત ઘઉં પરનો 40% આયાત કર દૂર કરે તેવી સંભાવના છે, જેનાથી ખાનગી વેપારીઓને રશિયા જેવા દેશોમાંથી ઘઉં ખરીદવાની છૂટ મળશે. પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે છેલ્લા ત્રણ વર્ષમાં ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. સરકારનો અંદાજ છે કે આ વર્ષે ઘઉંનું ઉત્પાદન ગયા વર્ષના (2023) 112 મિલિયન મેટ્રિક ટનના રેકોર્ડ ઉત્પાદન કરતા 6.25% ઓછું રહેશે.

➤ **નાણાકીય વર્ષ 2024માં FDI ઈક્વિટી પ્રવાહમાં ઘટાડો**




ભારતની અર્થવ્યવસ્થા હાલમાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. જેના કારણે ભારત લાંબા સમયથી વિશ્વમાં રોકાણ માટે સૌથી આકર્ષક સ્થળ છે. પરંતુ નાણાકીય વર્ષ 2023-24 માટે બહાર આવેલા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ના આંકડાઓમાં દેશમાં FDIમાં ઘટાડો જોવા મળ્યો છે. 2023-24માં ભારતનું FDI 3.49 ટકા ઘટીને 44.42 બિલિયન ડોલર થયું છે. જ્યારે નાણાકીય વર્ષ 2022-23માં દેશમાં 46.03 બિલિયન ડોલરનું FDI આવ્યું હતું. FDI ઈક્વિટી પ્રવાહમાં ઘટાડાનું કારણ અદ્યતન અર્થતંત્રોમાં ઊંચા વ્યાજ દરો અને ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં મર્યાદિત શોષણ ક્ષમતા જેવા બાહ્ય પરિબળોને આભારી હોઈ શકે છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT), સરકારી સંસ્થા જે FDI રોકાણ પર કામ કરે છે, તેણે આ સંદર્ભમાં વિગતવાર આંકડા જાહેર કર્યા છે. FDI પ્રવાહની સાથે DPIITએ ઈક્વિટીમાં વિદેશી રોકાણ, દેશમાં કમાણીના પુનઃરોકાણ અને વિદેશી મૂડીના ડેટા પણ જાહેર કર્યા છે. આ મુજબ 2023-24માં દેશમાં કુલ 70.95 અબજ ડોલરનું પ્રત્યક્ષ રોકાણ કરવામાં આવ્યું છે. સિંગાપોર 11.77 બિલિયન અમેરિકન ડોલર FDI સાથે ટોચનું રોકાણકાર રહ્યું છે. ત્યારબાદ મોરેશિયસ, યુનાઈટેડ સ્ટેટ્સ, નેધરલેન્ડ અને જાપાન આવે છે. 15.11 બિલિયન ડોલરનું રોકાણ મેળવતા રોકાણકારો માટે મહારાષ્ટ્ર સૌથી વધુ પસંદનું સ્થળ બની રહ્યું છે, ત્યારબાદ કર્ણાટકનો નંબર આવે છે.

➤ **ભારતનું પ્રથમ ક્વોન્ટમ ડાયમંડ માઈક્રોચિપ ઈમેજર**

IIT - બોમ્બે અને ટાટા કન્સલ્ટંસી સર્વિસ (TCS)એ ભારતને ક્વોન્ટમ ટેક્નોલોજીમાં એક મુખ્ય વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાના રાષ્ટ્રીય ક્વોન્ટમ મિશનના ઉદ્દેશ્યને અનુરૂપ ભારતના પ્રથમ ક્વોન્ટમ ડાયમંડ માઈક્રોચિપ ઈમેજરને પાયોનિયર કરવા માટે સહયોગ કર્યો છે. તેનો ઉદેશ સેમિકન્ડક્ટર ચિપ પરીક્ષણમાં ચોક્સાઈ વધારવા, ચિપની નિષ્ફળતા ઘટાડવા અને ઊર્જા કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે અદ્યતન સેન્સિંગ ઉપકરણ વિકસાવવાનો છે. ક્વોન્ટમ ડાયમંડ માઈક્રોચિપ ઈમેજર સેમિકન્ડક્ટર ચિપ્સની બિન–વિનાશક ઈમેજિંગ પ્રદાન કરે છે.

## વિશ્વ

➤ **Gliese 12 b એક્ઝોપ્લેનેટ**



NASAએ પૃથ્વીથી માત્ર 40 પ્રકાશ વર્ષોના અંતરે સ્થિત Gliese 12 b નામના સંભવિત રીતે વસવાટ કરી શકાય તેવા પૃથ્વીના કદના એક્ઝોપ્લેનેટની શોધની જાહેરાત કરી હતી, જે તેને આપણા સૌરમંડળના સૌથી નજીકના સંભવિત રહેવા યોગ્ય ગ્રહોમાંનો એક બનાવે છે. Gliese 12 bની સપાટીનું સરેરાશ તાપમાન 12 ડિગ્રી સેલ્સિયસ છે, જે અત્યાર સુધી શોધાયેલા લગભગ 5000 કે તેથી વધુ એક્સોપ્લેનેટ કરતા ઓછું છે. આ એક્ઝોપ્લેનેટ પૃથ્વી કરતા થોડો નાનો છે અને તેનું કદ શુક્ર જેટલું છે. Gliese 12 b એ એક સુપર–અર્થ એક્ઝોપ્લેનેટ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

➤ **Colombo Process**

તાજેતરમાં ભારત પ્રથમ વખત કોલંબો પ્રોસેસનું અધ્યક્ષ બન્યું છે. તે એક પ્રાદેશિક કન્સલ્ટેટિવ પ્રક્રિયા છે અને તે એશિયામાં મૂળના દેશો માટે વિદેશી રોજગાર અને કરાર આધારિત મજૂરીના વ્યવસ્થાપન પર પરામર્શ માટે એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે વિદેશી રોજગાર પર શ્રેષ્ઠ પ્રથાઓના વિનિમય માટે એક મંચ તરીકે કામ કરે છે. તેમાં એશિયાના 12 સભ્ય દેશોનો સમાવેશ થાય છે. તેના સભ્યોમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ચીન, કંબોડિયા, ભારત, ઈન્ડોનેશિયા, નેપાળ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, શ્રીલંકા, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે. ભારત 2003માં તેની શરૂઆતથી જ સભ્ય છે.

1. UEFA ચેમ્પિયન ફૂટબોલ લીગમાં _____ ચેમ્પિયન બન્યું છે. – બાર્સેલોના

2. 2024 એશિયન જિમ્નેસ્ટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય જિમ્નાસ્ટ કોણ બન્યા છે ? – દીપા કર્માકર

3. તાજેતરમાં કેરળની નેલ્લીયમપથી ટેકરીઓમાં જોવા મળેલી નવી શોધાયેલ વનસ્પતિ પ્રજાતિનું નામ શું છે ? – સ્ટેલારિયા મેક્લિન્ટોકિયા

4. જ્યોતી રાત્રે, જે માઉન્ટ એવરેસ્ટ પર વિજય મેળવનાર સૌથી વૃદ્ધ ભારતીય મહિલા બન્યા હતા, તેઓ કયા રાજ્યના છે ? – મધ્યપ્રદેશ

5. કયો દેશ 2026માં AFC મહિલા એશિયા કપ (ફૂટબોલ)ની યજમાની કરશે ? – ઓસ્ટ્રેલિયા

6. કબાક યાનો એક પર્વતારોહક અને ક્રિકેટર માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ _____ જનજાતિની મહિલા અને અરૂણાચલ પ્રદેશની પાંચમી મહિલા તરીકે ઈતિહાસ રચ્યો છે. – ન્યાશી જનજાતી

7. નેશનલ ડેઝર્ટ પાર્ક રાજસ્થાનમાં તાજેતરમાં હાથ ધરાયેલા વાર્ષિક વોટરહોલ સર્વે દરમિયાન કેટલા ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ જોવા મળ્યા હતા ? – 64

8. સરકારી માલિકીના ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડે તાજેતરમાં મધ્યપ્રદેશના કયા પ્રદેશમાં તેનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ શરૂ કર્યો છે ? – વિજયપુર

9. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર સ્ટેટ યુટિલિટીઝ દ્વારા ટ્રાન્સમિશન લાઈન ઉમેરવામાં કયું રાજ્ય સૌથી આગળ છે ? – ઉત્તરપ્રદેશ

10. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે તમાકુ ઉત્પાદનોના વેચાણ, ઉત્પાદન અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો છે ? – તેલંગાણા

11. કઈ રાજ્ય સરકારે તાજેતરમાં વન વિકાસ નિગમને 2024-25માં તેના નાણાકીય નિર્વાહ માટે નીલગિરીના વૃક્ષો વાવવાનો આદેશ જારી કર્યો હતો ? – કેરળ

12. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ કેમ્પી ફલેગ્રેઈ કયા દેશમાં આવેલો સક્રિય જ્વાળામુખી છે ? – ઈટાલી

13. ભારતના પુરાતત્વ સર્વેક્ષણે તાજેતરમાં કયા રાજ્યમાં નિયોલિથિક યુગના ખડકોની કોતરણીની સ્થાપના કરી હતી ? – ગોવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભારતના પ્રથમ મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્કનું બાંધકામ કયાં શરૂ કરશે ? – ચેન્નાઈ

15. સોનીના ન્યૂ ઈન્ડિયા CEO તરીકે _____ ની નિમણૂક કરવામાં આવી છે. – ગૌરવ બેનર્જી

16. _____ એ એક જ સિઝનમાં બે વાર માઉન્ટ એવરેસ્ટ અને માઉન્ટ લોત્સે સર કરનાર પ્રથમ વ્યક્તિ બનીને ઐતિહાસિક બેવડી ચઢાણ સિદ્ધિ હાંસલ કરી છે. – સત્યદીપ ગુપ્તા

17. તાજેતરમાં 77મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી ખાતે સમિતિ Aના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અપૂર્વ ચંદ્ર

18. IOCL (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ)એ તાજેતરમાં હાઈડ્રોજન અને ફ્યુઅલ સેલ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે ભારતના કયા સશસ્ત્ર દળ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – ભારતીય સેના

19. તાજેતરમાં 'એશિયન આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ 2024' કયાં યોજાઈ હતી ? – તાશ્કંદ, ઉઝબેકિસ્તાન
(ભારતીય આર્મ કુસ્તીબાઝોએ ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં એશિયન આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપમાં સાત મેડલ જીત્યા હતા.)

20. ભારતનો પ્રથમ શહેરી રોપવે પ્રોજેક્ટ _____ માં ચાલી રહ્યો છે. – વારાણસી

21. કયું રાજ્ય ઓલિવ રીડલી દરિયાઈ કાચબાનું સૌથી મોટું સંવર્ધન સ્થળ ધરાવે છે ? – ઓડિશા

22. તાજેતરમાં FICCIએ કયા સ્થળે 'કોલ્ડ ચેઈન એન્ડ લોજિસ્ટિક્સ સમિટ'નું આયોજન કર્યુ હતું ? – નવી દિલ્હી

23. તાજેતરમાં કયા મંત્રાલયે રાષ્ટ્રીય બાલ ભવન ખાતે 'સમર ફિયેસ્ટા 2024'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ? – શિક્ષણ મંત્રાલય

24. K-9 વજ્ર તાજેતરમાં સમાચારમાં હતું, તે શું છે ? – સ્વ–સંચાલિત આર્ટિલરી સિસ્ટમ

25. 29 મે, 2024ના રોજ _____ માં કાઉન્ટર ટેરરિઝમ પર ભારત જાપાન સંયુક્ત કાર્યકારી જૂથની 6મી બેઠક યોજાઈ હતી. – નવી દિલ્હી

26. ભારતના નેશનલ આર્કાઈવ્ઝે તેનો પ્રથમ વિદેશી પ્રોજેક્ટ _____ દેશમાં શરૂ કર્યો છે. – ઓમાન

27. કયા દેશે 'વન પર્સન, વન ફાઈલ' (OPOF) પ્રોગ્રામ રજૂ કર્યો હતો ? – ચીન
(વન પર્સન, વન ફાઈલનો ઉદ્દેશ્ય પ્રત્યેક નિવાસી પર વ્યાપક વ્યક્તિગત ડેટા ફાઈલોનું સંકલન કરવાનો છે.)

28. તાજેતરમાં કયા દેશે ASC 890 સર્વેલન્સ એરક્રાફ્ટ સહિત ઐતિહાસિક લશ્કરી સહાય પેકેજની જાહેરાત કરી છે ? – સ્વીડન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS :
## ભૂગોળ

1. 'ભારતના વ્યૂહાત્મક આયોજન માટે ભૌગોલિક/વસતી વિષયક માહિતી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે' – વાક્યનું મૂલ્યાંકન કરો
2. તટીય ગુજરાતના ખાસ સંદર્ભે પરવાળાની વૃદ્ધિ માટેની જરૂરી પરિસ્થિતિઓની ચર્ચા કરો.
3. 'અખાત' અને 'સમુદ્રધૂની' વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સમજાવો.
4. હરિત ઊર્જા (ગ્રીન એનર્જી) એટલે શું ? તેની લાક્ષણિકતાઓ અને ભારતમાં તેના વિકાસ માટેના પ્રયત્નોની ચર્ચા કરો.
5. ભારતમાં સાક્ષરતાના નીચા દરના મુખ્ય કારણોનું વિશ્લેષણ કરો અને ભારતમાં સાક્ષરતા સ્તરને ઊંચુ લાવવા માટેના તાર્કિક અને વ્યવહારુ ઉપાયો સૂચવો.
6. ભારતમાં જૈવિક ખેતીની પરિસ્થિતિ વર્ણાવો અને તે વિશે સરકારની નીતિ બાબતે ચર્ચા કરો.
7. સૂકી ખેતીની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ છે ?– સમજાવો
8. ગુજરાતની મુખ્ય આયાત – નિકાસ જણાવો તથા આયાત–નિકાસને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.
9. ભારતની આબોહવાને અસર કરતા પરિબળો વિશે ચર્ચા કરો.
10. ભારતમાં તમિલનાડુમાં અનુભવાતી વિશિષ્ટ ઋતુઓ અને તેની અસરો વિશે નોંધ લખો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# JOIN OUR
# JOIN OUR TELEGRAM

t.me/iceonlinerajkot

GPSC 1/2 | DY.SO/DY.MAMLATDAR | PSI-ASI-CONSTABLE | PI/STI

વનરક્ષક | BANK PO/CLERK | TALATI-Jr. Clerk | TET 1 - 2

BINSACHIVALY | RAILWAY | SSC

**તમામ સ્પર્ધાત્મક પરીક્ષાની LATEST UPDATE માટે**
**અમારા TELEGRAM CHANNELને જોઈન કરો**

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT